ॐ

# * ભગવાન આત્મા *

## ('ગુરુદેવશ્રી કે વચનામૃત'માંથી ચૂંટેલા રત્નો)

સ્વરૂપમાં લીનતા વખતે પર્યાયમાં પણ શાન્તિ અને વસ્તુમાં પણ શાન્તિ, આત્માના આનંદરસમાં શાન્તિ, શાન્તિ અને શાન્તિ; વસ્તુ અને પર્યાયમાં ઓતપ્રોત શાન્તિ. રાગમિશ્રિત વિચાર હતો તે ખેદ છૂટીને પર્યાયમાં અને વસ્તુમાં સમતા, સમતા અને સમતા; વર્તમાન અવસ્થામાં પણ સમતા અને ત્રિકાળી વસ્તુમાં પણ સમતા. આત્માનો આનંદરસ બહાર અને અંદર બધી રીતે ફાટી નીકળે છે; આત્મા વિકલ્પની જાળને ઓળંગીને આનંદસ્વરૂપ એવા પોતાના સ્વરૂપને પામે છે. ૨૨.

❁

જો ચૈતન્યસામર્થ્યનો વિશ્વાસ કરે તો તેના આશ્રયે રત્નત્રયધર્મની અનેક શાખા-ઉપશાખા પ્રગટીને મોક્ષફળ સહિત મોટું વૃક્ષ ઊગે. ભવિષ્યમાં થનાર મોક્ષવૃક્ષની તાકાત અત્યારે જ તારા ચૈતન્યબીજમાં વિદ્યમાન પડી છે. સૂક્ષ્મ દૃષ્ટિથી એને વિચારમાં લઈને અનુભવ કરતાં તારું અપૂર્વ કલ્યાણ થશે. ૮૦.

❁

ભાઈ ! તું પંચમ કાળે ભરતક્ષેત્રે ને ગરીબ ઘરે જન્મ્યો છો તેથી 'અમારે આજીવિકા આદિનું શું કરવું ' એમ ન જો ! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે



તું સિદ્ધ સમાન જ છો. મુનિરાજને ખબર નહિ હોય કે બધા જીવો સંસારી છે ? ભાઈ ! સંસારી અને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે. સ્વભાવે તો એ સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ છે. ૮૮.

❁

હું જ્ઞાયક છું... જ્ઞાયક છું... જ્ઞાયક છું — એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. અહાહા ! પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી બહુ કઠણ છે, અનંતો પુરુષાર્થ માગે છે. જ્ઞાયકતળમાં પર્યાય પહોંચી, અહાહા ! એની શી વાત ! એવો પૂર્ણાનંદનાથ પ્રભુ એની પ્રતીતિમાં, એના વિશ્વાસમાં – ભરોસામાં આવવો જોઈએ કે અહો ! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન તે હું જ. ૮૯.

❁

અહાહા ! આખી દુનિયા ભુલાઈ જાય એવું તારું પરમાત્મતત્ત્વ છે. અરેરે ! ત્રણ લોકના નાથ થઈને રાગમાં રોળાઈ ગયો ! રાગમાં તો દુઃખીની જ્વાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિને છોડી દે ! રાગને તું ભૂલી જા ! તારા પરમાત્મતત્ત્વને પર્યાય સ્વીકારે છે, પણ એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલી જા ! અવીનાશી ભગવાન પાસે ક્ષણિક પર્યાયનાં મૂલ્ય શાં ? પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગને દેહની વાત ક્યાં રહી ? અહાહા ! એક વાર તો મડદાં ઊભા થઈ જાય એવી વાત છે, એટલે કે સાંભળતાં જ ઊછળીને અંતરમાં જાય એવી વાત છે. ૯૯.

❁

શ્રી અરિહંતદેવ અને તેમનાં શાસ્ત્ર એમ કહે છે કે પ્રભુ ! તું જ્ઞાનમાત્ર છો, ત્યાં પ્રીતિ કર ને અમારા પ્રત્યે પણ પ્રીતિ છોડી દે. તારો ભગવાન તો અંદર શીતળ-શીતળ ચૈતન્યચંદ્ર, જિનચંદ્ર છે; ત્યાં પ્રીતિ કર. ગગનમાં જે ચંદ્ર છે તે શીતળ હોય છે પણ એ તો જડની શીતળતા જડરૂપ છે. આ શાંત-શાંત-શાંત ચૈતન્યચંદ્રની શીતળતા તો અતીન્દ્રિય શાંતિમય છે, એકલું

શાંતિનું ઢીમ છે. તેને શાંતિનું ઢીમ કહો કે જ્ઞાનનું ઢીમ કહો – બન્ને એક જ છે. માટે જેટલું આ જ્ઞાન છે તેટલો જ પરમાર્થ આત્મા છે એમ નિશ્ચય કરીને તેમાં જ પ્રીતિવંત બન. ૧૦૪.

❁

પર્યાયદૃષ્ટિ કાઢી નાખી ને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરી તે બીજાને પણ દ્રવ્યદૃષ્ટિએ પૂર્ણાનંદ પ્રભુ જ જુએ છે. પર્યાયનું જ્ઞાન કરે, પણ આદરણીય તરીકે–દૃષ્ટિના આશ્રયરૂપે – તો તેને ત્રિકાળી ધ્રુવ શુદ્ધ દ્રવ્ય જ છે. ૧૦૯.

❁

કારણપરમાત્મા એ જ ખરેખર નિત્ય આત્મા છે. નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય પર્યાય, પણ તેનો વિષય છે કારણપરમાત્મા; તેથી તે જ ખરેખર આત્મા છે. પર્યાયને અભૂતાર્થ કહીને, વ્યવહાર કહીને, અનાત્મા કહ્યો છે. ૧૨૨.

❁

પોતાના ચિદાનંદસ્વભાવના અભિમુખ થઈને તેના અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તે જ આત્માનું સાચું અભિનંદન છે. આ સિવાય જગતના લોકો ભેગા થઈને પ્રશંસા કરે કે અભિનંદનપત્ર આપે તેમાં આત્માનું કાંઈ હિત નથી. અરે પ્રભુ ! તને તારા આત્માનું સાચું બહુમાન જ કદી આવ્યું નથી. તારા ચૈતન્યસ્વરૂપની મહત્તા ભૂલીને તું સંસારમાં રખડ્યો. સર્વજ્ઞપરમાત્મા જેવી તાકાત તારા સ્વભાવમાં પડી છે, તેનું બહુમાન કરીને સ્વભાવસન્મુખ થા, અને સ્વભાવના આનંદનું વેદન કરીને તું પોતે તારા આત્માનું અભિનંદન કર; તેમાં જ તારું હિત છે. ૧૩૬.

❁

વિકારી અવસ્થા આત્માની પર્યાયમાં થાય છે તે વાત સ્વભાવદૃષ્ટિએ ગૌણ છે. સ્વભાવદૃષ્ટિએ તો જેટલા પરવલણવાળા ભાવ થાય તે બધા પૌદ્ગલિક છે. પર્યાયદૃષ્ટિએ તે વિકારી પર્યાય આત્માની છે પણ સ્વભાવદૃષ્ટિએ તો આત્માનો સ્વભાવ નથી માટે પૌદ્ગલિક છે. ૧૫૦.

❁



ત્રિકાળી સત્ ચૈતન્યપ્રભુ – તારું ધ્રુવ તત્ત્વ – એની દૃષ્ટિ તેં કદી કરી નથી. વર્તમાન રાગાદિની કે ઓછા જાણપણા વગેરેની જે હાલત છે, દશા છે, તે ક્ષણિક અવસ્થા ઉપર તારી દૃષ્ટિ છે. પરને પોતાનું માને તે તો મોટી ભ્રમણા છે જ; પરંતુ જાણવા–દેખવાની વર્તમાન દશા જે તારી કરેલી છે, તારી છે, તારામાં છે, તારા દ્રવ્યનો વર્તમાન અંશ–અવસ્થા છે, તેના ઉપર દૃષ્ટિ – પર્યાયદૃષ્ટિ–તે પણ મિથ્યાત્વ છે. એ પર્યાયદૃષ્ટિ અનાદિની છે. પર્યાય પરની દૃષ્ટિ છોડી ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર તારી દૃષ્ટિ કદી આવી નથી. મિથ્યાત્વ ને રાગાદિના દુઃખથી છૂટવાનો – વિકલ્પ તોડવાનો–બીજો કોઈ ઉપાય નથી; અંતર ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવની – શુદ્ધ જ્ઞાયક પરમભાવની–દૃષ્ટિ કરવી તે એક જ ઉપાય છે. ૧૭૪.

❁

અહો ! આવા ચમત્કારી સ્વભાવની વાત સ્વભાવના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના હાંજા ગગડી જાય. ૨૪૩.

❁

સમ્યક્ મતિજ્ઞાન, સમ્યક્ શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન વગેરે બધી અવસ્થા થાય ખરી, પરંતુ તે મતિ–શ્રુત વગેરે અવસ્થા ઉપર દૃષ્ટિ મૂકવાથી તે મતિ–શ્રુત કે કેવળ વગેરે કોઈ અવસ્થા પ્રગટે નહિ, પણ પરિપૂર્ણ ઐશ્વર્યવાળી જે આખી વસ્તુ ધ્રુવ નિશ્ચય પડી છે તેની દૃષ્ટિના જોરે સમ્યક્ મતિ–શ્રુત અને (લીનતા વધતાં) પૂર્ણ કેવળજ્ઞાન-અવસ્થા પ્રગટે છે. ૨૪૭.

❁

સંયમના ભેદોમાં સંયમને ગોતવાથી સંયમની અવસ્થા પ્રગટે નહિ, પણ 'હું આત્મા તો અભેદપણે વીતરાગસ્વરૂપ છું, અનંત ગુણોનો અભેદ પિંડ છું' એવી અભેદ દૃષ્ટિના જોરે ( સ્થિરતા વધતાં ) સંયમાદિ વીતરાગી પર્યાય પ્રગટે છે. 'અસંયમનો ત્યાગ કરું તો સંયમ પ્રગટે' એવા વિકલ્પથી સંયમ પ્રગટે નહિ પણ મારો સ્વભાવ જ કાયમ સમસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે – એમ તેના ઉપર દૃષ્ટિ મૂકવાથી (સ્થિરતા થતાં) સંયમ પ્રગટે છે, ગુણ–ગુણીનો ભેદ પણ વસ્તુદૃષ્ટિનો વિષય નથી. વાસ્તવિક રીતે

તો અનંત ગુણોના અભેદ પિંડરૂપ જે નિજ વસ્તુ તે જ દૃષ્ટિનો વિષય છે. ૨૪૮.

❁

ચંદ્ર તો પોતે સોળ કળાએ પૂર્ણ છે, તેને નિત્ય –રાહુ આડો હોય છે; રાહુ જેમ ખસતો જાય તેમ ચંદ્રની એક એક કળા ઊઘડતી જાય છે. ચંદ્રમાં બીજ, ત્રીજ, ચોથ વગેરે કળાના ભેદ પોતાથી નથી પણ રાહુના નિમિત્તની અપેક્ષાથી છે. એ રીતે જ્ઞાનસ્વરૂપ આત્મા ચંદ્ર સમાન આખો પરિપૂર્ણ છે, તેમાં પાંચમા, છઠ્ઠા, સાતમા ગુણસ્થાનના ભેદની જે કળાઓ છે તે અખંડ આત્માની અપેક્ષાએ નથી, પણ નિમિત્ત એવો જે કર્મરૂપ રાહુ તેની અપેક્ષાએ છે. પુરુષાર્થ વડે તે ખસતો જાય છે તેથી સંયમની કળાના ભેદ પડે છે, પણ અભેદ આત્માની અપેક્ષાએ તે ભેદ પડતા નથી. તે કળાના ભેદ ઉપર દૃષ્ટિ નહિ રાખતાં આખા દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખવી તે જ કળા ઊઘડવાનું કારણ છે. ૨૪૯.

❁

વીતરાગવાણીરૂપી સમુદ્રના મંથનથી જેણે શુદ્ધ ચિદ્રૂપ-રત્ન પ્રાપ્ત કર્યું છે એવો મુમુક્ષુ ચૈતન્યપ્રાપ્તિના પરમ ઉલ્લાસથી કહે છે કે અહો ! મને સર્વોત્કૃષ્ટ ચૈતન્યરત્ન મળ્યું, હવે મારે ચૈતન્યથી અન્ય બીજું કોઈ કાર્ય નથી, બીજું કોઈ વાચ્ય નથી, બીજું કોઈ ધ્યેય નથી, બીજું કોઈ શ્રવણયોગ્ય નથી, બીજું કાંઈ પ્રાપ્ત કરવા જેવું નથી, બીજું કોઈ શ્રેય નથી, બીજું કોઈ આદેય નથી. ૨૬૩.

❁

મોહ, રાગ, દ્વેષ વગેરે જે વિકારી અવસ્થા આત્માની પર્યાયમાં ઉત્પન્ન થાય તે જડની જ અવસ્થા છે, કારણ કે જડ તરફના વલણવાળો ભાવ છે માટે તેને જડનો કહ્યો છે. તે ભાવ આત્માનો સ્વભાવ નથી અને તેની ઉત્પત્તિ મૂળ આત્મામાંથી થતી નથી માટે તેને જડ કહ્યો છે. ૨૬૪.

❁



આત્મચિંતનમાં ક્યાંય ગુણભેદની કે રાગની મુખ્યતા નથી, વિકલ્પનું જોર નથી, પણ જ્ઞાનમાં પરમ જ્ઞાયકસ્વભાવના કોઈ અચિંત્ય મહિમાનું જોર છે, અને તેના જ જોરે નિર્વિકલ્પ થઈને મુમુક્ષુજીવ આત્માને સાક્ષાત્ સ્વાનુભવમાં લઈ લે છે; ત્યાં કોઈ વિકલ્પ રહેતા નથી. આ રીતે ભેદ-વિકલ્પ વચ્ચે આવતા હોવા છતાં સ્વભાવના મહિમાના જોરે મુમુક્ષુજીવ તેને ઓળંગી જઈને સ્વાનુભૂતિમાં પહોંચી જાય છે. ૨૭૯.

❁

# ('પરમાગમસાર' ગ્રંથમાંથી ચૂંટેલાં રત્નો)

નિજ પરમ પાવન પરમાત્માનું નિજ પરમ સ્વરૂપ, તેનાં પ્રવાહની પરમ પ્રતીતિ અને તેમાં સ્થિરતા એ અમુલ્ય ચિંતામણી રત્ન છે. કે જેનું મૂલ્યાંકન હોઈ શકે નહિ. ૧૩

☸

મૃતક કલેવરમાં મૂર્છાએલો એવો અમૃત આનંદ સ્વરૂપ આત્મા પોતા તરફ નજર પણ કરતો નથી. પોતા તરફ નજર કરતાં સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં, માનતા અને તેમાં સ્થિર થતાં તૃપ્ત થાય તેવી ચીજ પોતે જ છે. ૧૭.

☸

નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર ને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય એ બધું તો પર્યાયમાં છે. આત્મવસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે તે તો પોતાને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા ! કેટલી વિશાળ દૃષ્ટિ ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય; પણ આવી કબૂલાતને રોકનારા ખોટી માન્યતારૂપી ગઢના પાર ન મળે ! અહીં તો કહે છે કે બાર અંગનો સાર એ છે કે આત્માને જિનવર સમાન દૃષ્ટિમાં લેવો. કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મા જેવું જ છે. ૨૫.

☸

પ્રશ્ન :– આત્માની સન્મુખ શી રીતે થવું ?



ઉત્તર :– પરની સામે જોવે છે તે સ્વની સામે જોવાથી સ્વસન્મુખ થવાય. અનંત અનંત જ્ઞાનાનંદ સામર્થ્યવાળી વસ્તુ છે તેનું જેવું અને જેટલું માહાત્મ્ય છે તેવું અને તેટલું માહાત્મ્ય તેના જ્ઞાનમાં આવે તો તે જ્ઞાન સ્વસન્મુખ થઈ શકે. ૩૨.

☸

ચૈતન્ય ચમત્કારી તત્ત્વનું સામર્થ કેટલું ! – એમ અંદરમાં દેખે–પ્રતીત કરે તો ધર્મનો મહેલ થવાનો પાયો ઊભો થાય. વિકલ્પ તૂટ્યા વિના આવી વસ્તુ અંદરમાં બેસે નહિ. વસ્તુ છે તે સીમા રહિત છે. અમર્યાદિત વસ્તુ છે, અક્ષય ને અમેય વસ્તુ છે. એ વસ્તુને શ્રદ્ધામાં લેનારી પર્યાય પણ કદી નાશ ન થાય એવી અક્ષય ને અમેય છે. ભલે અચારિત્રના પરિણામ હોય તો પણ એની શ્રદ્ધા પર્યાયની – જ્ઞાન પર્યાયની એટલી તાકાત છે કે રાગ (પોતામાં) નથી, પરદ્રવ્ય પોતામાં નથી–એમ જાણી લ્યે છે. ૬૨.

☸

જ્ઞાનમાં ચૈતન્યસ્વભાવની મોટપ ભાસ્યા વિના જ્ઞાન અંદરમાં ઢળી શકતું નથી. જ્ઞાનમાં ચૈતન્યસ્વભાવનો મહિમા ને મોટપ ભાસે ત્યારે જ જ્ઞાન અંદરમાં ઢળી જાય છે. ૬૯.

☸

અનંતા પ્રતિકૂળ દ્રવ્યો આવી પડે તેનાથી આત્મા હલ્યો હલે નહિ, તીવ્રમાં તીવ્ર આકરા અશુભ પરિણામો થાય તેનાથી પણ ધ્રુવ આત્મા હલ્યો હલે નહીં અને એક સમયની પર્યાયથી પણ આત્મા હલ્યો હલે નહિ – એવા અગાધ સામર્થ્યવાળો ધ્રુવ આત્મા છે, તેને લક્ષમાં લેવાથી ભવભ્રમણ છૂટે એવું છે. ૯૭.

☸

મને બહારનું કાંઈક જોઈએ તેમ માનનાર ભિખારી છે. મને મારો આત્મા જ જોઈએ તેમ માનનાર બાદશાહ છે. આત્મા અચિંત્ય શક્તિનો ધણી છે, જે ક્ષણે જાગે તે જ ક્ષણે જાગતી જ્યોત આનંદસ્વરૂપ અનુભવમાં

આવી શકે છે. ૯૮.

❁

ગાય, ભેંસ, વગેરે પશુની વિષ્ટાના પોદળા (છાણ) મળતા ગરીબ સ્ત્રીઓ ખુશી ખુશી થઈ જાય છે. અને ધન વૈભવ મળતા શેઠીયાઓ ખુશી ખુશી થઈ જાય છે, પણ વિષ્ટાના પોદળા અને ધનાદિમાં કાંઈ જ ફેર નથી. એકવાર આત્માના નિધાનને દેખે તો બહારના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે. ૧૦૦.

❁

દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે – ભાઈ ! તારી મહિમા તને આવે તેમાં અમારી મહિમા આવી જાય છે. તારો તને મહિમા આવતો નથી તો તને અમારો પણ ખરેખર મહિમા આવ્યો નથી. અમને તેં ઓળખ્યા નથી. ૧૦૧.

❁

અરે ભાઈ ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી ! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે ? આવું પરમાત્માપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઊછળવો જોઈએ, એની લગની લાગવી જોઈએ, એને માટે ગાંડા થવું જોઈએ, આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે ? જરૂર પ્રગટ થાય જ. ૧૨૯.

❁

ત્રણલોકનો નાથ આત્મવસ્તુ અભેદ છે. તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. ગુણ-ગુણીના ભેદમાં લક્ષ રહેતાં વિકલ્પ ઉઠશે, રાગ થશે, બંધન થશે; તેથી ગુણ-ગુણીના ભેદને જાણતો નથી એમ અલોપ કરી દેને ! અને નિત્યાનંદ પ્રભુ છે ત્યાં દૃષ્ટિ દેને ભાઈ ! દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે. પણ દ્રવ્ય ને ગુણની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે એમ નથી કહ્યું. ૧૩૫.

❁

'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતાં આત્મા શરીરરૂપ નથી, વાણીરૂપ



નથી, પુણ્ય-પાપરૂપ નથી ને એક સમયની પર્યાયમાત્ર પણ નથી. 'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતાં જ્ઞાન-દર્શન, અકાર્ય - કારણ ભાવ આદિ અનંત શક્તિમય આત્મા છે. પ્રભુ ! તારા ઘરની શી વાત ! તારામાં અનંતી શક્તિઓ ભરી પડી છે ને એક-એક શક્તિ અનંત સામર્થ્યવાન છે, એક-એક શક્તિ અનંત ગુણોમાં વ્યાપક છે, એક-એક શક્તિમાં બીજી અનંત શક્તિનું રૂપ છે, એક-એક શક્તિ બીજી અનંત શક્તિમાં નિમિત્ત છે. એવી એક-એક શક્તિમાં અનંતી પર્યાય છે, તે પર્યાય ક્રમે ક્રમે થતી હોવાથી તે ક્રમવર્તી છે. તથા અનંત શક્તિઓ એક સાથે રહેતી હોવાથી તે અક્રમવર્તી છે. એ અક્રમવર્તી ને ક્રમવર્તી ગુણ-પર્યાયનો પિંડ તે આત્મદ્રવ્ય છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ પણ શુદ્ધ છે. તેથી તેની દૃષ્ટિ કરતાં પરિણમન પણ શુદ્ધ જ હોય. ૧૬૯.

❁

એક-એક ગુણનું પરિણમન સ્વતંત્ર સીધું થતું નથી પણ અનંતગુણમય અભેદ દ્રવ્યનું પરિણમન થતાં સાથે ગુણોનું પરિણમન થાય છે. એક-એક ગુણ ઉપર દૃષ્ટિ મૂકતાં ગુણ શુદ્ધ પરિણમનતો નથી પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકતાં અનંત ગુણોનું નિર્મળ પરિણમન થાય છે. ગુણભેદ ઉપરની દૃષ્ટિ છોડીને અનંતગુણમય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં દ્રવ્ય (પર્યાયમાં) શુદ્ધરૂપે પરિણમે છે. ૧૮૩.

❁

આત્માનો વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી રુચે તો વીર્ય ઉછળે, એ ક્યાં ઉછળે છે ? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યા. પણ ખરેખર માહાત્મ્ય અંદરથી આવવું જોઈએ. બાકી એ જ રહી ગયું છે ને ! પહેલાં માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે. ૧૯૩.

❁

અહો ! જેના આનંદની એક ક્ષણની લહેજતમાં લહેરકીમાં ત્રણલોકનાં

સુખ વિષ જેવા લાગે, ઝેર જેવા લાગે, તરણા જેવા તુચ્છ લાગે એવો ભગવાન આત્મા છે. ૧૯૯.

❁

અમારો ચૈતન્ય ઉપયોગ હણાતો જ નથી. હણાય તેને ઉપયોગ જ કહેતાં નથી. પણ પ્રભુ ! કેવળજ્ઞાન નથી ને ! કેવળજ્ઞાનનું કામેય શું છે ? કેવળજ્ઞાનની ખાણ હાથમાં આવી છે તેને કેવળજ્ઞાન આવશે જ. ૨૦૦.

❁

ભગવાન આત્મા જ્ઞાનની લહેરે ઊછળતો, પરના કામ અને રાગના કામ મારા (જ્ઞાતાદૃષ્ટાના) નહીં– એમ દૃષ્ટિ કરતાં કેવળજ્ઞાનને કાંઠે આવીને ઊભો છે. ૨૦૨.

❁

રાગ હોવા છતાં સાધકના હૃદયમાં સિદ્ધ ભગવાન કોતરાયેલા છે. ૨૦૩.

❁

જેણે પોતાના પર્યાયઅંશની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરી એ બીજા દ્રવ્યને પણ એ જ રીતે જોવે છે, એટલે કે અન્ય પદાર્થોને પણ તેની પર્યાયથી જોતા નથી, તેને પણ દ્રવ્યથી જ વસ્તુપણે જ અખંડ દેખે છે. ૨૦૯.

❁

જિતના સામર્થ્ય દ્રવ્યમાં પડા હૈ, ઉતના સામર્થ્ય દૃષ્ટિમેં ન આવે તબ તક નિર્વિકલ્પ દૃષ્ટિ નહીં હોતી. ૨૧૯.

❁

સર્વજ્ઞ-સર્વદર્શી ઈ શબ્દ જ્યાં સામે આવે છે ને ત્યાં આહાહ ! આખી વસ્તુ સર્વજ્ઞ અને સર્વદર્શી છે ઈ આખી તરવરે છે. ૨૨૨.

❁

આત્મા આનંદસ્વરૂપ છે. એના ભાન વિના વ્રત, જપ અને તપ ઈ બધું ''વર વિનાની જાન'' જેવું છે. ૨૨૭.



ભાઈ ! તારું રૂપ તો ભગવાન સ્વરૂપ છે ને ! પરમાત્મસ્વરૂપ તું છો. જિનસ્વરૂપ જ આત્મા છે. વીતરાગ અકષાયમૂર્તિ જ આત્મા છે, તેને પરમ-પારિણામભાવ કહો કે એકરૂપ ભાવ કહો, અહીં તેને શુદ્ધભાવ કહેવામાં આવે છે. તેનાથી જીવાદિ સાત બાહ્ય તત્ત્વો ભિન્ન છે. નિમિત્ત આદિ તો ભિન્ન છે જ પણ રાગાદિ અશુદ્ધભાવ છે તે બહિર્તત્ત્વ છે અને પૂર્ણ સ્વરૂપના આશ્રયે જે વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ તે પણ પર્યાય હોવાથી બહિર્તત્ત્વ છે, ને બહિર્તત્ત્વ છે તે હેય છે. ૨૬૫.

❁

ત્રિકાળી દ્રવ્યનો અવતાર શુદ્ધજ્ઞાન જ છે. અવતાર એટલે નવી ઉત્પત્તિ એમ નહીં પણ શુદ્ધજ્ઞાનસ્વરૂપ છે. વિકલ્પથી કે રાગથી રહિત જ છે. ગુણ-ગુણીના ભેદથી રહિત શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ છે. તથા સુખસાગરનો પૂર છે. વસ્તુ પોતે સુખસાગરનો પૂર છે. વસ્તુમાં સુખસાગરની ભરતી ભરી પડી છે, અતીન્દ્રિય આનંદનો પુંજ પ્રભુ છે તે શુદ્ધભાવ છે, સામાન્ય ભાવ છે, જ્ઞાયકભાવ છે, તેનો એક સમયમાત્ર અનુભવ થતાં સમસ્ત સંસારનો નાશ થઈ જાય છે. ૨૬૮.

❁

એક સમયની નિર્મળ પર્યાય જે સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્રની પર્યાય છે તેને રત્નત્રય કહ્યું છે તો તેનું ફળ જે કેવળજ્ઞાન પર્યાય તે મહારત્ન છે અને જ્ઞાનગુણની એક સમયની તે પર્યાયનો તે મહારત્ન છે તો તેવી અનંત અનંત પર્યાયનો ધરનાર જ્ઞાનગુણ તે મહારત્ન છે. એવા જ્ઞાન-આનંદ આદિ અનંતા ગુણોરૂપ મહામહારત્નોનો ધરનાર આત્મદ્રવ્ય એ તો મહા રત્નોથી ભરેલો સાગર છે. એના મહિમાનું શું કહેવું ? અહો ! એનો મહિમા વચનાતીત છે એ અપાર અપાર મહિમા અનુભવગમ્ય જ છે. આવા સ્વભાવનો વિશ્વાસ ને દૃષ્ટિ કરે તો ખબર પડે. ૨૯૫.

❁

અનુભવની શોભા ખરેખર આત્મદ્રવ્યને લઈને છે. આત્મદ્રવ્ય કૂટસ્થ

હોવાથી જોકે અનુભવમાં આવતું નથી, અનુભવ તો પર્યાયનો જ થાય છે; પરંતુ પર્યાયે દ્રવ્યને સ્વીકાર્યું એ પર્યાયોની શોભા આત્મદ્રવ્યને લઈને જ છે. ૨૯૭.

❁

ભાઈ તારા માહાત્મ્યની શી વાત ! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત ! અહો ! મારી તાકાત તે કેટલી ? જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી ? રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ. પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ. – એમ પોતાને પ્રતીતિ આવતાં હું સર્વજ્ઞ થઈશ ને અલ્પજ્ઞ નહિ રહી શકુ એમ ભરોસો આવી જાય છે. ૩૦૩.

❁

આ ચૈતન્યતત્ત્વ તો કોઈ અગમ્ય વસ્તુ છે, તે બહારના વૈરાગ્યથી કે જ્ઞાનના ક્ષયોપશમથી મળી જાય તેવી ચીજ નથી. અંતરમાં અવ્યક્ત છતાં પ્રગટ અચિંત્ય વસ્તુ પડી છે, તેના માહાત્મ્ય પ્રત્યે જાય ત્યારે તે ગમ્ય થાય; ને તેના જન્મ-મરણ ટળે એવી એ ચીજ છે. ૩૧૩.

❁

મૂળ ચીજ ધ્રુવવસ્તુ એવી ઝીણી છે કે એ ઝીણી ચીજ તેના હાથમાં આવે એટલે બસ ! તેને અમૃતના વરસાદ વરસ્યા. ૩૧૭.

❁

અમે સર્વજ્ઞ છીએ અને તારા પેટમાં પણ સર્વજ્ઞપદ પડ્યું છે. સ્વભાવમાં પડેલા સર્વજ્ઞ પદનો આદર થયો તેમાં અનંતા સર્વજ્ઞનો આદર આવી ગયો – એમ સર્વજ્ઞ કહે છે. ૩૨૪.

❁

ભગવાન જેના હૃદયમાં બિરાજે છે તેનું ચૈતન્યશરીર રાગદ્વેષરૂપ કાટ વગરનું થઈ જાય છે. ૩૨૫.

❁



હે પ્રભુ ! આપે ચૈતન્યના અનંતા ખજાના ખોલી નાખ્યાં ! તો હે પ્રભુ ! હવે એવો તે કોણ હોય કે તરણા સમાન ચક્રવર્તીના રાજને છોડીને ચૈતન્યના ખજાનાને ખોલવા ન નીકળી પડે. ૩૨૯.

❁

આ આત્મા એ જ જિનવર છે, એ જ તીર્થંકર છે. અનાદિકાળથી જિનવર છે. આહાહા ! અનંતા કેવળજ્ઞાનની વેલડી છે. પોતાનો આત્મા જ અમૃતનો કુંભ છે, અમૃતની વેલડી છે. એના પર એકાગ્ર થવાથી પર્યાયમાં જિનવરના દર્શન થાય છે. –પરમાત્મા પ્રગટ થાય છે તેને સમ્યગ્દર્શન કહે છે. ૩૩૦.

❁

નિર્મળ પર્યાય ને ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાન ને અનુભવ થવા છતાં દૃષ્ટિનું આસન તો અવ્યક્ત ઉપર છે; વ્યક્તપણા પ્રત્યે ઉદાસીનપણે છે. ૩૩૨.

❁

ઓહો ! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે. ચારે તરફ ગુણો જ ભરેલાં છે. અવગુણ એક પણ નથી. ઓહો ! આ હું ? આવા આત્માનાં દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી. ૩૩૬.

❁

પ્રશ્ન :– આત્માનો મહિમા કેવી રીતે આવે ?

ઉત્તર :– આત્મા વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક છે તે અનંતગુણનો પિંડ છે, એ આખું પૂર્ણતત્ત્વ ત્રિકાળી અસ્તિરૂપ છે; એનું સ્વરૂપ એનું સામર્થ્ય અગાધ ને આશ્ચર્યકારી છે. તેને સમજે તો આત્માનો મહિમા માહાત્મ્ય આવે ને રાગનું ને અલ્પજ્ઞતાનું માહાત્મ્ય છૂટી જાય. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય ત્રણકાળ-ત્રણલોકને જાણવાના સામર્થ્યવાળી છે તે પણ ક્ષણે ક્ષણે નવી નવી થાય છે તો તેને ધરનાર ત્રિકાળી દ્રવ્યનું સામર્થ્ય કેટલું ? – એમ આત્માના આશ્ચર્યકારી સ્વભાવને ખ્યાલમાં બરાબર લે તો આત્માનો મહિમા આવે. ૩૩૭.

❁

પવિત્ર વસ્તુ અપવિત્રપણે પરિણમે તે તેની શોભા નથી. વસ્તુ અકષાય સ્વરૂપ છે, તે અકષાયભાવે થાય તે તેની શોભા છે. એકપણું જેમાં છે એવી વસ્તુ રાગાદિપણે પરિણમે તે વિવિધપણું છે તેથી તે અશોભનીક છે. ચૈતન્યનું જે ત્રિકાળિક સ્વરૂપ છે તેનો વિચાર કરવામાં આવે તો એકપણું જ શોભનીક છે. સુંદર વસ્તુ છે તે સુંદરપણે પરિણમે તે જ શોભા છે. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ સ્વરૂપ ભગવાન એકપણામાં રહે તે તેની શોભા છે. રાગ રહિત નિર્વિકલ્પ સ્વરૂપ છે તેથી નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ એકપણું છે તે શોભા છે. ૩૫૮.

❁

ભાઈ ! બધું આત્મામાં ભર્યું છે, બહારમાં કાંઈ નથી. આત્મામાં જ્ઞાન ને સુખ ભર્યાં છે ત્યાં જો, ત્યાં નજર કર, તો તને જ્ઞાન ને સુખ મળશે. બહારમાં ક્યાંય સુખ નથી. અરે ! એક છોકરો મરી જાય પછી ઘરના રોવે છે કે અરે ! દીકરા ! તારા વિના આ મહેલ ને મકાનો સ્મશાન જેવા લાગે છે. તેમ ભાઈ ! આત્માને જાણ્યા વિના બહારમાં બધું સ્મશાન જેવું છે. ૩૭૮.

❁

અહો ! જેનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં જેના કાળનો અંત નથી, જેના ગુણનો અંત નથી–એવી અનંત સ્વભાવી ચૈતન્યજ્યોતિ સદાય એકરૂપ ચૈતન્યસ્વરૂપ જ રહી છે. આત્મવસ્તુ જ ગંભીર સ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહિ ત્યાં સુધી ખરો મહિમા આવે નહિ. એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો પડતો નથી પણ તૂટી જાય ને અતીન્દ્રિય આનંદનો સ્વાનુભવ થાય. ૩૯૦.

❁

એક આત્મા જ સાર છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ સાર નથી. એક સમયની પર્યાય પણ સાર નથી. સારમાં સાર તો એક આત્મ જ છે. ચૌદ



બ્રહ્માંડમાં સારમાં સાર એક આત્મા જ છે. એ સિવાય બીજું બધું નિઃસાર છે. પૈસા, લક્ષ્મી, ચક્રવર્તીપદ, ઈન્દ્રપદ એ બધું નિઃસાર છે ચૈતન્ય બાદશાહ એક જ જગતમાં સાર છે. અનાકુળ આનંદનો કંદ, ધ્રુવ સામાન્ય વસ્તુ તે એક જ સાર છે. ચક્રવર્તીપદ કે ઇન્દ્રનું ઇન્દ્રાસન તે પણ સાર નથી. ૪૦૧.

❁

પર્યાયની બાજુમાં જ ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે તે સર્વોત્કૃષ્ટ ચીજ છે, આશ્ચર્યકારી ચીજ છે. પોતાનો સર્વોત્કૃષ્ટ ભગવાન આત્મા સિદ્ધની પર્યાય કરતાં પણ સર્વોત્કૃષ્ટ છે કેમકે સિદ્ધદશા એ તો એક સમયની પર્યાય છે ને આત્મા તો એવી અનંતી સિદ્ધ પર્યાય જેમાંથી પ્રગટે એવું દ્રવ્ય છે, તે સર્વોત્કૃષ્ટ છે. અપરિમિત, અમર્યાદિત, જ્ઞાન-દર્શન આદિ અનંત શક્તિનો પિંડ સર્વોત્કૃષ્ટ આત્મા છે. સર્વોત્કૃષ્ટ ચીજને જે દૃષ્ટિ સ્વીકારે તે સમ્યક્દૃષ્ટિ છે. પર્યાયને ને ગુણભેદને સ્વીકારે તે દૃષ્ટિ સમ્યક્ નથી. ૪૦૨.

❁

ભાઈ ! તું સંસારનાં પ્રસંગોને યાદ કર્યા કરે છે પણ તું પોતે પૂર્ણાનંદનો નાથ અનંત ગુણરત્નોથી ભરેલો મહાપ્રભૂ સદાય એવો ને એવો જ છો તેને યાદ કર ને ! બાયડી, છોકરા આદિને આમ રાજી રાખ્યા હતા ને આમ ભોગ-વિલાસ મોજ-મજા માણી હતી, તેમ યાદ કરે છે, સ્મરણ કરે છે, પણ એ તો બધાં તને દુઃખના કારણો છે. સુખનું કારણ તો તારો સ્વભાવ છે. તે સદાય શુદ્ધરૂપે એવો ને એવો જ પડ્યો છે. ચાર ગતિઓના ભ્રમણ કરવા છતાં તારો સ્વભાવ સુખસાગર એવો ને એવો જ ભર્યો પડ્યો છે. તેને યાદ કર ને ! તેનું સ્મરણ કર ને ! એ એક જ તને સુખ-શાંતિનું કારણ થશે. ૪૨૦.

❁

આત્મામાં અનંતા ગુણો ભર્યા છે ને એક એક ગુણમાં અનંતા ગુણોનું

રૂપ છે ને એક એક ગુણમાં અનંતી પર્યાય થવાની તાકાત છે. તારો સ્વદેશ ભગવાન અનંત ગુણોની અદ્‌ભુત ઋદ્ધિથી ભરેલો છે. તેમાં એકવાર નજર કર તો તને સંતોષ થશે, આનંદ થશે. પુણ્ય-પાપના પરિણામમાં નજર કરતાં દુઃખ વેદાય છે. ૪૨૮.

☸

જ્ઞાયક નિષ્ક્રિય તળ ઉપર તું દૃષ્ટિ સ્થાપ ને ! પર્યાય ઉપર શું કામ જોર દે છો ? આ મારી ક્ષયોપશમની પર્યાય વધી, આ મારી પર્યાય થઈ, એમ પર્યાય ઉપર જોર શું કામ દે છો ? પર્યાયના પલટતાં અંશમાં ત્રિકાળી વસ્તુ થોડી આવી જાય છે ? ત્રિકાળી ધ્રુવદળ જે નિત્યાનંદ પ્રભુ છે તેના ઉપર જોર દે ને ! ૪૪૭.

☸

ત્રિકાળી ધ્રુવ આત્મદ્રવ્યને પકડીને સમ્યગ્દર્શનજ્ઞાન થાય, તેને પકડીને ચારિત્ર થાય, તેને પકડીને કેવળજ્ઞાન થાય. ધર્મીની દૃષ્ટિ આત્મદ્રવ્ય ઉપરથી ખસતી નથી, અને જો એ દૃષ્ટિ ત્યાંથી ખસીને વર્તમાન પર્યાય ઉપર રોકાય, એક સમયની પર્યાયમાં ચોંટી જાય, પર્યાયની રુચિ થઈ જાય તો વસ્તુની દૃષ્ટિ છૂટી જાય અને મિથ્યાદૃષ્ટિ થઈ જાય. એક સમયની પર્યાયની જો મહિમા-મહત્તા થઈ જાય તો દ્રવ્યની દૃષ્ટિ ખસી જાય. એક સમયની નિર્મળ પર્યાયની પણ રુચિ થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. ૪૫૫.

☸

સમ્યગ્દર્શન એટલે ? જેવું ને જેવડું તત્ત્વ છે તેની તેવી પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે. મહા અસ્તિત્વરૂપ મોજૂદ ચીજ છે તે અનંત કાળ ગયો ને અનંતા ભવ થયા છતાં એવી ને એવી જ તે ચીજ છે. વાહ તત્ત્વ ! ગમે તેવા પરિણામ થયા છતાં વસ્તુમાં વિભ્રમતા કે ઊણપતા આવી નથી. મહા ગૃહીત મિથ્યાત્વના પરિણામ થયા છતાં જે વસ્તુ છે તેમાં કાંઈ મેલપ-મલિનતા આવી નથી. સર્વજ્ઞ પરમાત્માનો આ પોકાર છે. ૪૫૮.

☸



ભગવાન આત્મા અનંતગુણસ્વરૂપ પ્રભુ છે. તેના એક એક ગુણમાં અનંત અનંત ગુણનું રૂપ છે પણ તેમાં રાગનું રૂપ નથી. એક સમયમાં અનંત અનંત ગુણઓનો સાગર પ્રભુ છે. એના એક એક ગુણમાં તેના અનંતા અનંતા ગુણોનું રૂપ છે. એક ગુણ બીજા ગુણમાં નથી પણ એક ગુણનું રૂપ બીજા ગુણમાં છે. પરંતુ વ્યવહારરત્નત્રયનો રાગ એ આત્માનો કોઈ ગુણ નથી, તેથી રાગનું રૂપ કોઈ ગુણમાં નથી. તેથી ભગવાન આત્મા રાગનું કારણ નથી કે રાગ પોતાની આનંદની પર્યાયનું કારણ નથી. ૪૭૩.

☸

પ્રશ્ન :— આત્માનો અનંત ગુણોનો અને તેની અનંતી પર્યાયના સામર્થ્યનો આટલો બધા મહિમા કરો છો તો તિર્યંચને આવી ખબર ક્યાં છે ?

ઉત્તર :— તિર્યંચને વસ્તુનો મહિમા પ્રતીતમાં આવી જાય છે. વસ્તુનો અનંત અનંત મહિમા પ્રતીતમાં આવે છે. ૪૮૨.

☸

અરે ભાઈ સાંભળ... સાંભળ. અમે તો આત્માને જોઈને વાત કરીએ છીએ. ભગવાન આત્મા સદાય આનંદમય, સદાય વીર્યમય, સદાય શિવમય એવું પરમાત્મતત્ત્વ છે તેના વિષે દયા-દાન આદિ કરવાનું કહેતાં તો લજ્જા આવે છે. અરે, તું એવડો મોટો પરમાત્મસ્વરૂપ સદાય કલ્યાણમય છો કે તારામાં ધ્યાન કરવાનું કહેતાં પણ લજ્જા આવે છે. ૫૦૧.

☸

આહાહા ! દિગમ્બર સંતોની વાણી તો જુઓ, મારફાડ કરતી ત્રિકાળી ચૈતન્યતત્ત્વને બતાવે છે. આહાહા ! શુદ્ધનય ધ્યાન કરવાનું પણ કહેતો નથી, શુદ્ધનય પર્યાયને કબૂલતો નથી એ તો સદાય આનંદસ્વરૂપ શુદ્ધ પરમાત્મતત્ત્વને જ સ્વીકારે છે. અહાહા ! ભાઈ તારા પૂર્ણ પ્રભુની વાત તો જો ! ૫૦૨.

☸

સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પ સમૂહથી

સર્વતઃ મુક્ત છે. અનેક પ્રકારનાં વિકલ્પનો સમૂહ તે સમ્યક્જ્ઞાનના આભૂષણ એવા પરમાત્મતત્ત્વમાં—ત્રિકાળી તત્ત્વમાં નથી. સર્વનય સંબંધી અનેક પ્રકારના વિચારો એ પણ પ્રપંચ છે, એ પણ ત્રિકાળી પરમાત્મતત્ત્વને વિષે નથી. એ વિકલ્પો નથી એ તો ઠીક, પણ શુદ્ધ પર્યાયોની શ્રેણી–નિર્મળ પર્યાયની ધારારૂપ ધ્યાનાવલી એ પણ પરમાત્મતત્ત્વમાં નથી. ધ્યાનાવલીનું જે ધ્યેય છે એવા પરમાત્મતત્ત્વમાં ધ્યાનની પરિણતિરૂપ પર્યાયો–ધ્યાનાવલી નથી. ભાઈ ! તું તો સદાય આવો પરમાત્મસ્વરૂપે જ છો. ૫૦૭.

❁

શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં અને સંસારમાં તફાવત નથી. આહાહા ! ક્યાં પૂર્ણાનંદની પ્રગટતારૂપ મુક્ત દશા અને ક્યાં અનંત દુઃખમય સંસાર પર્યાય ! છતાં તે મુક્તિ કે સંસારમાં તફાવત નથી –તેમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો કહે છે. કેમ કે સંસાર પણ પર્યાય છે અને મુક્તિ પણ પર્યાય છે, એ કોઈ પર્યાય આશ્રય કરવા લાયક નથી –એ અપેક્ષાએ મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી, તેમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો એટલે કે શુદ્ધતત્ત્વના અનુભવી પુરુષો કહે છે. ૫૦૯.

❁

સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું જે પરમાત્મતત્ત્વ તેમાં દયા-દાન આદિના વિકલ્પોનો સમૂહ નથી. આવા આત્માને અંદર ઓળખવો, ઓળખીને શ્રદ્ધા કરવી તેનું નામ ધર્મ છે. સમસ્ત વિકલ્પો એટલે કે દયા-દાન આદિનો રાગ કે ગુણ-ગુણીના ભેદનો રાગ, જ્ઞાનથી શોભતા આત્મતત્ત્વમાં નથી. ૫૨૬.

❁

લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતુ નથી. જે આત્મા આનંદનો નાથ પ્રભુ, જ્ઞાનનો સાગર, ધ્રુવ ભગવાન ચૈતન્યમય પ્રભુ છે તેના અવલંબનને જે ઉપયોગ પ્રગટ્યો તે ઉપયોગને, તાકાત નથી દુનિયામાં કોઈની કે કોઈ તેને હરી શકે, લૂંટી



જાય, નાશ કરી શકે, ચોરી કરી જાય. ૫૩૧.

❁

આત્મલક્ષ્મી તે જ સાચી લક્ષ્મી છે અને તે જ શાહૂકાર છે. જડની લક્ષ્મીવાળો તો પરને પોતાનું માનતો હોવાથી ચોર છે. આત્મલક્ષ્મીનો મહિમા આવે તેને બીજા બધાનો મહિમા ઉડી જાય. ૫૩૮.

❁

શક્તિઓનું વર્ણન કરવાનો હેતું એ છે કે, બહારમાં તારા જ્ઞાન–આનંદ સુખ-શાંતિ નથી. અંદરમાં તારી શક્તિઓનાં નિધાન ભર્યા પડ્યા છે. ત્યાં દૃષ્ટિ કર અને બહારથી દૃષ્ટિ ઉઠાવી લે ! અંદરમાં જ્ઞાન–દર્શન–આનંદસુખ–વીર્ય–પ્રભુતા આદિ શક્તિઓથી જીવવું એ ધર્મી જીવનું જીવન છે. બહારના દેહાદિથી જીવવું એ ધર્મી જીવનું જીવન નથી, અંદરમાં અનંત શક્તિઓનો ભંડાર ભગવાન સહજાનંદની મૂર્તિ પડ્યો છે એના દૃષ્ટિ–વિશ્વાસે જીવવું એ ખરું જીવન છે. ૫૫૬.

❁

પ્રશ્ન :– ધ્રુવની કિંમત વધુ કે આનંદના અનુભવની ?

ઉત્તર :– ધ્રુવની કિંમત વધુ છે. આનંદની પર્યાય તો એક સમયની છે ને ધ્રુવમાં તો આનંદનો ઢગલો ભર્યો છે. ૫૬૫.

❁

જીવને સંસારનું એક સમય પણ વિસ્મરણ થયું નથી. (જો) એક સમય પણ વિસ્મરણ થાય તો એના હિતની શરૂઆત થાય. જેની સત્તાનો કદી વિરહ નથી, જેની સત્તાની કદી અપૂર્ણતા થઈ નથી, જેની સત્તા કોઈથી દબાઈ નથી એવી જે ત્રિકાળ નિરાવરણ વસ્તુ છે, તેની નજરબંધી થવી જોઈએ–દ્રવ્ય ઉપર દૃષ્ટિની નજરબંધી થવી જોઈએ. મારે મારા સિવાય બીજા કોઈનો આશ્રય નથી –એમ ધ્રુવ ઉપર નજરબંધી થઈ જવી જોઈએ. ૫૮૦.

❁

પ્રશ્ન :– સમ્યગ્દૃષ્ટિ મોક્ષ માટે પ્રયત્ન કરે કે મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે ?

ઉત્તર :– સમ્યગ્દૃષ્ટિ મોક્ષ માટે પ્રયત્ન કરે છે. પુરુષાર્થ કેર છે. અને મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે એટલે કે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. એટલે મુક્તિની પર્યાય આવવાની જ છે. ૫૯૨.

❁

સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે.

ભાઈ એકવાર હરખ તો લાવ કે અહો ! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે. જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે. મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે ! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો, હવે મારું શું થશે ! એમ ડર નહિ, મુંઝા નહીં, હતાશ થા નહીં.... એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ... સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઊછાળ. ૫૯૩.

❁

ભાઈ ! તને ખબર નથી, તારી ચીજ તો અંદર અભેદ ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ સામાન્ય એકરૂપ ચાલી આવે છે. ગમે તેટલી પર્યાયો આવે છે પણ વસ્તુ તો સામાન્ય એકરૂપ ચાલી આવે છે. એવી એકરૂપની દૃષ્ટિ કરતાં એનામાં ગુણ છે તેના ભેદનું પણ લક્ષ છૂટી જાય છે અને ભેદ અને ગુણની વિશેષતાનું લક્ષ છૂટતાં અભેદ ઉપર દૃષ્ટિ પડતાં તને આનંદનો સ્વાદ આવશે, ત્યારે તને ધર્મ થશે. ૫૯૬.

❁

ભાઈ ! આ વાદ-વિવાદનો વિષય નથી, આ તો અંદરનો વિષય છે. હજી તો વ્રત-તપને કરે ને એનાથી ધર્મ થશે એમ માને તે તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની છે. પર્યાયનું લક્ષ કરવા જઈશ તો રાગ ને દુઃખ થશે.



નિર્મળ પર્યાયનું લક્ષ–આશ્રય કરવા જઈશ તોપણ વિકલ્પ ઉઠશે. ભગવાન ત્રિકાળી વસ્તુ છે તે પર્યાયને અડતો નથી. પર્યાય અડતી નથી પછી તારે પર્યાયના લક્ષનું શું કામ છે ? ભગવાન આત્મા અંદર પરિપૂર્ણ છે તેને સ્પર્શને ! સ્પર્શનારી તે પર્યાય પણ દ્રવ્યમાં નથી. જૈનદર્શને–વીતરાગમાર્ગ બહુ ઝીણો-સૂક્ષ્મ છે. દિગમ્બર દર્શનમાં જ આ વાત છે. આવી વાત બીજે ક્યાંય નથી. ૫૯૯.

❁

પ્રશ્ન :– જીવ અજીવના કાર્યો ભલે ન કરી શેક પણ પોતાના પરિણામ તો ગમે તેમ કરી શકે છે ને ?

ઉત્તર :– જીવ પોતાના પરિણામ પણ ગમે તેમ ન કરી શકે પણ જે પરિણામ ક્રમસર જે થવાના છે તે જ થાય છે, આડા-અવળા ગમે તેમ કરી શકે નહિ. જગતમાં બધુ વ્યવસ્થિત ક્રમસર થાય છે, ક્યાંય ફેરફાર થઈ શકતો નથી. ઉતાવળો માણસ ફેરફાર કરવાનું માને ભલે પણ ફેરફાર કાંઈ થઈ શકતો નથી. એનો સાર એ છે કે ભાઈ ! તું ધ્રુવસ્વભાવ ઉપર દૃષ્ટિ દે. ૬૦૫.

❁

પ્રશ્ન :– બહારમાં તો ચમત્કાર બતાવે છે. તો અહીં કાંઈ ચમત્કાર છે ?

ઉત્તર :– હા, આ આત્મા પોતે એવો ચૈતન્ય-ચમત્કાર છે કે તેની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટી જાય. જુઓ આ ચૈતન્યનો ચમત્કાર. સર્વજ્ઞ સિવાય બીજા કોઈ ઠેકાણે આવો ચમત્કાર હોય તો બતાવો ! વળી એકેક આત્મા અસંખ્ય પ્રદેશી–એ વાત પણ બીજે ક્યાંય હોય તો બતાવો ? ૬૫૯.

❁

દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ એમ કહેવાય કે આત્મામાં વિકાર છે જ નહિ, વિકાર તે પુદ્‌ગલનું કાર્ય છે. પણ એવી દ્રવ્યદૃષ્ટિ કોને થાય ? કે–જેને

પર્યાયની સ્વતંત્રતાનું ભાન હોય તેને. હજી પર્યાયને પણ જે સ્વાધીન ન જાણે, તેને ત્રણકાળની પર્યાયના પિંડરૂપ દ્રવ્યની દૃષ્ટિ થાય નહીં. પર્યાયમાં વિકાર છે તે કર્મે કરાવ્યો નથી, પણ મારા અપરાધથી છે. એમ અંશને પણ સ્વતંત્ર જાણે, ને તે અંશ જેટલો ત્રિકાળસ્વભાવ નથી, એમ જાણે—તો દ્રવ્યદૃષ્ટિ થાય. પણ કર્મ જ વિકાર કરાવે છે, એમ માને તો તેને પર્યાયનું પણ ભાન નથી, ને તેને દ્રવ્યદૃષ્ટિ થતી નથી. ૭૬૪.

❁

એક સમયમાં હું ચિદાનંદ પરિપૂર્ણ છું, એવી પ્રતીતિ તે ભવના નાશનું કારણ છે. આવી પ્રતીતિ થયા પછી અલ્પ રાગ રહે, તે પરના પડખે જાય છે. ૧૦૦૫.

❁



# [ 'બહેનશ્રીનાં વચનામૃત' માંથી ચૂંટેલાં રત્નો]

અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી. એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય, પણ જેને ચૈતન્ય–આત્મા ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે. ૧૦.

❁

દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે. ૧૨.

❁

દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે. વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે. જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો. વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું–એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય. ૧૮.

❁

બધું આત્મામાં છે, બહાર કાંઈ નથી. તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર. પૂર્ણતા પ્રગટતાં લોકાલોક તેમાં જ્ઞેયરૂપે જણાશે. જગત જગતમાં રહે છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય છે. જાણનાર તત્ત્વ પૂર્ણપણે પરિણમતાં તેની જાણ બહાર કાંઈ રહેતું નથી

અને સાથે સાથે આનંદાદિ અનેક નવીનતાઓ પ્રગટે છે. ૭૦.

❁

અંતરમાં આત્મા મંગળસ્વરૂપ છે. આત્માનો આશ્રય કરવાથી મંગળસ્વરૂપ પર્યાયો પ્રગટશે. આત્મા જ મંગળ, ઉત્તમ અને નમસ્કાર કરવા યોગ્ય છે—એમ યથાર્થ પ્રતીતિ કર અને તેનું જ ધ્યાન કર તો મંગળતા અને ઉત્તમતા પ્રગટશે. ૮૩.

❁

આત્મા જ એક સાર છે, બીજું બધું નિઃસાર છે. બધી ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર. ગમે તેમ કરીને ચૈતન્યસ્વરૂપ આત્માને વળગ; તો જ તું સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકીશ. ૯૬.

❁

' હું અનાદિ-અનંત મુક્ત છું ' એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ દેતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. 'દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે. ૧૦૦.

❁

આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે. જગતમાં તેનાથી ઊંચી વસ્તુ નથી. એને કોઈ લઈ જઈ શકતું નથી. જે છૂટી જાય છે તે તો તુચ્છ વસ્તુ છે; તેને છોડતાં તને ડર કેમ લાગે છે ? ૧૦૨.

❁

'હું શુદ્ધ છું' એમ સ્વીકારતાં પર્યાયની રચના શુદ્ધ જ થાય છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. ૧૦૪.

❁

આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-



અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ૧૦૫.

❁

ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે. પરપદાર્થ પરનો છે, પોતાનો થતો નથી, પોતાનો કરવામાં માત્ર આકુળતા થાય છે. ૧૦૬.

❁

શાશ્વત શુદ્ધિધામ એવું જ બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ. વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે. દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન વિવેક કરે છે. ૧૦૭.

❁

જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે ચૈતન્યથી વધી જાય. તું આ ચૈતન્યમાં—આત્મામાં ઠર, નિવાસ કર. આત્મા દિવ્ય જ્ઞાનથી, અનંત ગુણોથી સમૃદ્ધ છે. અહો ! ચૈતન્યની અગાધ ઋદ્ધિ છે. ૧૦૮.

❁

પરમાત્મા સર્વોત્કૃષ્ટ કહેવાય છે. તું પોતે જ પરમાત્મા છો. ૧૧૧.

❁

સહજ તત્ત્વ અખંડિત છે. ગમે તેટલો કાળ ગયો. ગમે તેટલા વિભાવ થયા, તોપણ પરમ પારિણામિક ભાવ એવો ને એવો અખંડ રહ્યો છે; કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી. ૧૧૨.

❁

જેને ભગવાનનો પ્રેમ હોય તે ભગવાનને જોયા કરે તેમ ચૈતન્યદેવનો પ્રેમી ચૈતન્ય ચૈતન્ય જ કર્યા કરે. ૧૧૪.

❁

ચૈતન્યરૂપી આકાશની રમ્યતા સદાકાળ જયવંત છે. જગતના આકાશમાં ચંદ્રમા અને તારામંડળની રમ્યતા હોય છે, ચૈતન્ય-આકાશમાં અનેક ગુણોની

રમ્યતા છે. તે રમ્યતા કોઈ જુદા જ પ્રકારની છે. સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં તે રમ્યતા જણાય છે. સ્વાનુભૂતિની રમ્યતા પણ કોઈ જુદી જ છે, અનુપમ છે. ૧૨૩.

❁

નિજચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે, એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે. અનંત ગુણોની ઋદ્ધિ જે પ્રગટે તે પોતામાં છે. ૧૩૦.

❁

ચૈતન્યલોકમાં અંદર જા. અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે; તેમાં નિર્વિકલ્પ થઈને જા. તેની શોભા નિહાળ. ૧૪૮.

❁

શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી તે નૌકામાં બેસી ગયો તે તરી ગયો. ૧૫૦.

❁

આત્મા તો ચૈતન્યસ્વરૂપ, અનંત અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે. જ્ઞાયકની સાથે જ્ઞાન જ નહિ, બીજા અનંત આશ્ચર્યકારી ગુણો છે જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાય નહિ. નિર્મળ પર્યાયે પરિણમતાં, જેમ કમળ સર્વ પાંખડીએ ખીલી ઊઠે તેમ આત્મા ગુણરૂપ અનંત પાંખડીએ ખીલી ઊઠે છે. ૧૬૩.

❁

જેને ચૈતન્યદેવનો મહિમા નથી તેને અંદર વસવાટ કરવો દુર્લભ છે. ૧૬૫.

❁

એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી. ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે. કેટલાક જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય કરે કે સંસાર અશરણ છે, અનિત્ય છે, તેમને ચૈતન્યની સમીપતા ન થાય. પણ ચૈતન્યના મહિમાપૂર્વક જેને વિભાવોને મહિમા છૂટી જાય, ચૈતન્યની



કોઈ અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય, તે ચૈતન્યની સમીપ આવે છે. ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે; તેની ઓળખાણ કરવી, તેનો મહિમા કરવો. ૧૭૧.

❁

ચૈતન્યદેવ રમણીય છે, તેને ઓળખ. બહાર રમણીયતા નથી. શાશ્વત આત્મા રમણીય છે, તેને ગ્રહણ કર. ક્રિયાકાંડનો આડંબર, વિવિધ વિકલ્પરૂપ કોલાહલ, તેના પરની દૃષ્ટિ છોડી દે; ચૈતન્યરમણતા વિનાના વિકલ્પકોલાહલમાં તને થાક લાગશે, વિસામો નહિ મળે; તારું વિશ્રામગૃહ છે આત્મા, તેમાં જા તો તને થાક નહિ લાગે, શાન્તિ મળશે. ૧૮૩.

❁

અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક; શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ 'અપરિણામી' નિજાત્મા.

પ્રમાણ અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી, અપરિણામી તેમ જ પરિણામી છે. પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામી ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. પરિણામ ક્યાં જતા રહે ? પરિણમન તો પર્યાયસ્વભાવને લીધી થયા જ કરે છે, સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.

પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર–જ્ઞાયક ઉપર–દૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય,' 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે ? નિષ્ક્રિય તત્ત્વ ઉપર–તળ ઉપર–દૃષ્ટિ સ્થાપ ને !

પરિણામ તો થયા જ કરશે. પણ આ મારી અમુક ગુણપર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા–એમ શા માટે જોર આપે છે ? પર્યાયમાં–પલટતા અંશમાં–દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે ? તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને !

જ્ઞાનાનંદસાગરનાં તરંગોને ન જોતાં તેનો દળ ઉપર દૃષ્ટિ સ્થાપ. તરંગો

તો ઊછળ્યા જ કરશો. તું એમને અવલંબે છે શું કામ ?

અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે. અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ–અપરિણામી અભેદ એક દળ–તેમાં દૃષ્ટિ દે. પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ. તું જ્ઞાતાદૃષ્ટા થઈ જઈશ. ૨૦૧.

☸

ચૈતન્યની અગાધતા, અપૂર્વતા ને અનંતતા બતાવનારાં ગુરુનાં વચનો વડે શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે. ચૈતન્યનાં મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે.

હે શુદ્ધાત્મદેવ ! તારા શરણે આવવાથી જ આ પંચપરાવર્તનરૂપી રોગ શાન્ત થાય છે. જેને ચૈતન્યદેવનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ જાય છે. અહો ! મારા ચૈતન્યદેવમાં તો પરમ વિશ્રાન્તિ છે, બહાર નીકળતાં તો અશાન્તિ જ લાગે છે.

હું નિર્વિકલ્પ તત્ત્વ જ છું. જ્ઞાનાનંદથી ભરેલું જે નિર્વિકલ્પ તત્ત્વ, બસ તે જ મારે જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. ૨૦૫.

☸

જ્ઞાનીએ ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કર્યું છે. અભેદમાં જ દૃષ્ટિ છે; ' હું તો જ્ઞાનાનંદમય એક વસ્તુ છું. ' તેને વિશ્રાન્તિનો મહેલ મળી ગયો છે, જેમાં અનંતો આનંદ ભરેલો છે. શાન્તિનું સ્થાન, આનંદનું સ્થાન–એવો પવિત્ર ઉજ્જવળ આત્મા છે. ત્યાં–જ્ઞાયકમાં–રહી જ્ઞાન બધું કરે છે પણ દૃષ્ટિ તો અભેદ ઉપર જ છે. જ્ઞાન બધું કરે પણ દૃષ્ટિનું જોર એટલું છે કે પોતાને પોતા તરફ ખેંચે છે. ૨૦૬.

☸

સંસારથી ખરેખરા થાકેલાને જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે ખે 'મારે કાંઈ જોઈતું જ નથી, એક નિજ આત્મદ્રવ્ય જ જોઈએ છે' એમ દૃઢતા કરી બસ 'દ્રવ્ય તે જ હું' એવા ભાવે પરિણમી જાય



છે, બાકી બધું કાઢી નાખે છે.

દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી. શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ 'મને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ' એમ જોવા નથી બેસતી. એને–દ્રવ્યદૃષ્ટિવાળા જીવને –ખબર છે કે અનંત કાળમાં અનંત જીવોએ આવી રીતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપીને અનંત વિભૂતિ પ્રગટ કરી છે. દ્રવ્યદૃષ્ટિ હોય તો પછી દ્રવ્યમાં જે જે હોય તે પ્રગટ થાય જ; છતાં 'મને સમ્યગ્દર્શન થયું, મને અનુભૂતિ થઈ' એમ દૃષ્ટિ પર્યાયમાં ચોંટી નથી જતી. તે તો પ્રારંભથી પૂર્ણતા સુધી, બધાંને કાઢી નાખી, દ્રવ્ય ઉપર જ સ્થપાયેલી રહે છે. કોઈ પણ જાતની આશા વગર તદ્દન નિસ્પૃહ ભાવે જ દૃષ્ટિ પ્રગટ થાય છે. ૨૧૬.

☸

દ્રવ્યમાં ઉત્પાદ–વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને સમાન કોટિનાં નથીઃ દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે. દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં–પર્યાયમાં – ચોંટી નથી જતી. 'અહો ! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાઉં આવ્યો !' એમ જ્ઞાન જાણે, પણ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર–દ્રવ્યસ્વભાવ ઉપર–જામેલી તે જામેલી જ રહે છે. ૨૧૭.

☸

પોતાનો અગાધ ગંભીર જ્ઞાયકસ્વભાવ પૂર્ણ રીતે જોતાં આખો લોકાલોક ભૂત-ભવિષ્યની પર્યાય સહિત સમયમાત્રમાં જણાઈ જાય છે. વધારે જાણવાની આકાંક્ષાથી બસ થાઓ, સ્વરૂપનિશ્ચળ જ રહેવું યોગ્ય છે. ૨૨૬.

☸

શુદ્ધનયના વિષયભૂત આત્માની સ્વાનુભૂતિ સુખરૂપ છે. આત્મા સ્વયમેવ મંગળરૂપ છે, આનંદરૂપ છે; તેથી આત્માની અનુભૂતિ પણ મંગળરૂપ

અને આનંદરૂપ છે. ૨૨૭.

❁

આત્માના અસ્તિત્વને ઓળખીને સ્વરૂપમાં ઠરી જા, બસ !.... તારું અસ્તિત્વ આશ્ચર્યકારી અનંત ગુણપર્યાયથી ભરેલું છે; તેનું પૂર્ણ સ્વરૂપ ભગવાનની વાણીમાં પણ પૂરું આવી શકતું નથી. તેને અનુભવી, તેમાં ઠરી જા. ૨૨૮.

❁

આત્માના ગુણ ગાતાં ગાતાં ગુણી થઈ ગયો–ભગવાન થઈ ગયો; અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણરત્નોના ઓરડા બધા ખુલ્લા થઈ ગયા. ૨૩૧.

❁

ઓહો ! આ તો ભગવાન આત્મા ! સર્વાંગે સહજાનંદની મૂર્તિ ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ. જેમ સાકરમાં સર્વાંગે ગળપણ તેમ આત્મામાં સર્વાંગે આનંદ. ૨૪૧.

❁

જ્ઞાયક આત્મા નિત્ય અને અભેદ છે; દૃષ્ટિના વિષયભૂત એવા તેના સ્વરૂપમાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહિ. પ્રયોજનની સિદ્ધિ માટે એ જ પરમાર્થ-આત્મા છે. તેના જ આશ્રયે ધર્મ પ્રગટ થાય છે. ૨૪૩.

❁

ઓહો ! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે ! ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી. અહો ! આ હું ? આવા આત્માનાં દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી. ૨૪૪.

❁

વિશ્વનું અદ્‌ભુત તત્ત્વ તું જ છો. તેની અંદરમાં જતાં તારા અનંત ગુણોનો બગીચો ખીલી ઊઠશે. ત્યાં જ જ્ઞાન મળશે, ત્યાં જ વિહાર કર. અનંત કાળનો વિસામો ત્યાં જ છે. ૨૪૮.



❁

આત્માને ત્રણ કાળની પ્રતીતિ કરવા માટે 'હું ભૂતકાળમાં શુદ્ધ હતો, વર્તમાનમાં શુદ્ધ છું, ભવિષ્યમાં શુદ્ધ રહીશ' –એવા વિકલ્પ કરવા પડતા નથી. પણ વર્તમાન એક સમયની પ્રતીતિમાં ત્રણે કાળની પ્રતિતિ સમાઈ જાય છે–આવી જાય છે. ૨૫૩.

❁

દૃષ્ટિ પૂર્ણ આત્મા ઉપર રાખી તું આગળ જા તો સિદ્ધ ભગવાન જેવી દશા થઈ જશે. જો સ્વભાવમાં અધૂરાશ માનીશ તો પૂર્ણતાને કોઈ દિવસ પામી શકીશ નહિ. માટે તું અધૂરો નહિ, પૂર્ણ છો–એમ માન. ૨૬૧.

❁

સમ્યગ્દૃષ્ટિને અખંડ તત્ત્વનો આશ્રય છે, અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે. દૃષ્ટિ તો અંદર છે. ચારિત્રમાં અપૂર્ણતા છે. તે બહાર ઊભેલો દેખાય પણ દૃષ્ટિ તો સ્વમાં જ છે. ૩૦૩.

❁

ભગવાનનાં પ્રતિમા જોતાં એમ થાય કે અહો ! ભગવાન કેવા ઠરી ગયા છે ! કેવા સમાઈ ગયા છે ! ચૈતન્યનું પ્રતિબિંબ છે ! તું આવો જ છો. જેવા ભગવાન પવિત્ર છે, તેવો જ તું પવિત્ર છો, નિષ્ક્રિય છો, નિર્વિકલ્પ છો. ચૈતન્યની પાસે બધુંય પાણી ભરે છે. ૩૦૪.

❁

ચૈતન્યલોક અદ્‌ભુત છે. તેમાં ૠદ્ધિની ન્યૂનતા નથી. રમણીયતાથી ભરેલો આ ચૈતન્યલોકમાંથી બહાર આવવું ગમતું નથી. જ્ઞાનની એવી તાકાત છે કે જીવ એક જ સમયમાં આ નિજ ૠદ્ધિને તથા બધાંને જાણે. તે પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતો જાણે છે; શ્રમ પડ્યા વગર, ખેદ થયા વગર જાણે છે. અંદર રહીને બધું જાણી લે છે, બહાર ડોકિયું મારવા જવું પડતું નથી. ૩૧૦.

દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે, તેનું અવલંબન દ્રવ્યદૃષ્ટિમાં નથી. ૩૧૫.

❁

પોતાનો મહિમા જ પોતાને તારે. બહારના ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે. ૩૧૬.

❁

પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય, દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે. દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભર્યું છે, તે દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી. સાધકદશા પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત મૂળ સ્વભાવમાં નથી દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે, શુદ્ધ પર્યાયની દૃષ્ટીથી પણ આગળ જવાતું નથી. દ્રવ્યદૃષ્ટિમાં માત્ર શુદ્ધ અખંડ દ્રવ્યસામાન્યનો જ સ્વીકાર હોય છે. ૩૨૧.

❁

જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે કે ઉપયોગ બહાર આવે ત્યારે દૃષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે. બહાર એકમેક થયેલો દેખાય ત્યારે પણ તે તો ( દૃષ્ટિ–અપેક્ષાએ ) ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી. ૩૨૫.

❁

કર્મોના વિવિધ વિપાકમાં જ્ઞાયકભાવ ચળતો નથી. જેમ કાદવમાં કમળ નિર્લેપ રહે છે તેમ ચૈતન્ય પણ ગમે તે કર્મસંયોગમાં નિર્લેપ રહે છે. ૩૩૬.

❁

નિજ ચેતનપદાર્થના આશ્રયે અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે. અગાધ શક્તિમાંથી શું ન આવે ? ૩૪૧.



જ્યાં સુધી સામાન્ય તત્ત્વ–ધ્રુવ તત્ત્વ–ખ્યાલમાં ન આવે ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે અને ક્યાંથી પ્રગટે ? માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો. સાધકને આશ્રય તો પ્રારંભથી પૂર્ણતા સુધી એક જ્ઞાયકનો જ–દ્રવ્યસામાન્યનો જ – ધ્રુવ તત્ત્વનો જ હોય છે. જ્ઞાયકનું–'ધ્રુવ' નું જોર એક ક્ષણ પણ ખસતું નથી. દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી–ધ્રુવ સિવાય કોઈ ને ગણકારતી નથી; અશુદ્ધ પર્યાયને નહિ, શુદ્ધ પર્યાયને નહિ, ગુણભેદને નહિ. જોકે સાથે વર્તતું જ્ઞાન બધાંનો વિવેક કરે છે, તોપણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી. ૩૪૪.

❁

સહજતત્ત્વનો કદી નાશ થતો નથી, તે મલિન થતું નથી, તેમાં ઊણપ આવતી નથી. શરીરથી તે ભિન્ન છે, ઉપસર્ગ તેને અડતા નથી, તરવાર તને છેદતી નથી, અગ્નિ તેને બાળતો નથી, રાગદ્વેષ તેને વિકારી કરતા નથી. વાહ તત્ત્વ ! અનંત કાળ ગયો તોપણ તું તો એવું ને એવું જ છે. તને કોઈ ઓળકે કે ન ઓળખે તું તો સદા એવું જ રહેવાનું છે. મુનિના તેમ જ સમ્યગ્દૃષ્ટિના હૃદયકમળના સિંહાસનમાં આ સહજતત્ત્વ નિરંતર બિરાજમાન છે. ૩૫૯.

❁

જિનેન્દ્રભગવાનની વાણીમાં અતિશયતા છે, તેમાં અનંત રહસ્ય હોય છે, તે વાણી દ્વારા ઘણા જીવો માર્ગ પામે છે. આમ હોવા છતાં આખું ચૈતન્યતત્ત્વ તે વાણીમાં પણ આવતું નથી. ચૈતન્યતત્ત્વ અદ્‌ભુત, અનુપમ ને અવર્ણનીય છે. તે સ્વાનુભવમાં જ ખરું ઓળખાય છે. ૩૬૭.

❁

ચૈતન્યતત્ત્વને પુદ્‌ગલાત્મક શરીર નથી, નથી. ચૈતન્યતત્ત્વને ભવનો પરિચય નથી, નથી. ચૈતન્યતત્ત્વને શુભાશુભ પરિણતિ નથી, નથી. તેમાં શરીરનો, ભવનો શુભાશુભ ભાવનો સંન્યાસ છે.

જીવે અનંત ભવોમાં પરિભ્રમણ કર્યું, ગુણો હીણારૂપે કે વિપરીતરૂપે પરિણમ્યા, તોપણ મૂળ તત્ત્વ એવું ને એવું જ છે, ગુણો એવા ને એવા જ છે. જ્ઞાનગુણ હીણારૂપે પરિણમ્યો તેથી કાંઈ તેના સામર્થ્યમાં ઊણપ આવી નથી. આનંદનો અનુભવ નથી એટલે કાંઈ આનંદગુણ ક્યાંય ચાલ્યો ગયો નથી, હણાઈ ગયો નથી. ઘસાઈ ગયો નથી. શક્તિરૂપે બધું એમ ને એમ રહ્યું છે. અનાદિ કાળથી જીવ બહાર ભમે છે, ઘણું ઓછું જાણે છે, આકુળતામાં રોકાઈ ગયો છે, તો પણ ચૈતન્યદ્રવ્ય અને તેના જ્ઞાન-આનંદાદિ ગુણો એવાં ને એવાં સ્વયમેવ સચવાયેલાં રહ્યાં છે, તેમને સાચવવા પડતાં નથી.

– આવા પરમાર્થસ્વરૂપની સમ્યગ્દૃષ્ટિ જીવને અનુભવયુક્ત પ્રતીતિ હોય છે. ૩૬૯.

❁

જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે. તેમાં ચૈતન્યરસ ને આનંદ ભરેલા છે. તે ગુણમણિઓનો ભંડાર છે. આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી અને પરવસ્તુને મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે ! પરવસ્તુ ત્રણ કાળમાં કદી કોઈને થઈ નથી, તું નકામો ભ્રમણાથી તેને પોતાની કરવા મથી રહ્યો છે અને તારું બૂરું કરી રહ્યો છે ! ૩૭૯.

❁

આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે. તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે. જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી. તું તેનું જ અવલોકન કર ને ! તેની અંદર એકવાર ડોકિયું કરતાં પણ તને અપૂર્વ આનંદ થશે. ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ. બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનું તારું આશ્ચર્ય તૂટી જશે. તું પરથી વિરક્ત થઈશ. ૩૮૭.

❁



એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે. વિશ્વમાં કોઈ એવી વિભૂતિ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય. તે ચૈતન્ય તો તારી પાસે જ છે. તું જ તે છો. તો પછી શરીર ઉપર ઉપસર્ગ આવતાં કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ ? જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્‌ગલને પહોંચાડે છે, જે છૂટી જાય છે તે તો તારું હતું જ નહિ. તારું તો મંગળકારી, આશ્ચર્યકારી, તત્ત્વ છે. તો પછી તને ડર શાનો ? સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર, ભય છોડી દે. ૩૯૨.

❁

ત્રણ લોકને જાણનારું તારું તત્ત્વ છે તેનો મહિમા તને કેમ નથી આવતો ? આત્મા પોતે જ સર્વસ્વ છે, પોતામાં જ બધું ભરેલું છે. આત્મા આખા વિશ્વનો જ્ઞાતા-દ્રષ્ટા અને અનંત શક્તિનો ધરનાર છે. તેનામાં શું ઓછું છે ? બધી ઋદ્ધિ તેનામાં જ છે. તો પછી બહારની ઋદ્ધિનું શું કામ છે ? જેને બહારના પદાર્થોમાં કુતૂહલતા છે તેને અંદરની રુચિ નથી. અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી, સુખ પ્રગટતું નથી. ૩૯૬.

❁

મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે. બીજાું તો શું પણ મારી સ્વાભાવિક પર્યાય–નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છે કે, મારી નથી. મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અમાપ છે. નિર્મળ પર્યાયનું વેદન ભલે હો પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી. –આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે ચૈતન્યનો મહિમા લાવી, બધાથી પાછો ફરી, જીવ પોતા તરફ વળે ત્યારે. ૩૯૮.

❁

સમ્યગ્દૃષ્ટિને ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી પણ દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. જ્ઞાનપરિણતિ દ્રવ્ય તેમ જ પર્યાયને જાણે છે પણ પર્યાય ઉપર જોર નથી. દૃષ્ટિમાં એકલા સ્વ પ્રત્યેનું–દ્રવ્ય પ્રત્યેનું બળ રહે છે. ૩૯૯.

❁

હું તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય જે છું તે છું. મારામાં જે ગુણ છે તે તેના તે જ છે, તેવા ને તેવા જ છે. હું એકેન્દ્રિયના ભવમાં ગયો ત્યાં મારામાં કાંઈ ઘટી ગયું નથી અને દેવના ભવમાં ગયો ત્યાં મારો કોઈ ગુણ વધી ગયો નથી. – આવી દ્રવ્યદૃષ્ટિ તે જ એક ઉપાદેય છે. જાણવું બધું, દૃષ્ટિ રાખવી એક દ્રવ્ય ઉપર. ૪૦૦.

❁

અહો ! સિદ્ધ ભગવાનની અનંત શાન્તિ ! અહો ! તેમનો અપરિમિત આનંદ ! સાધકના સહેજ નિવૃત્ત પરિણામમાં પણ અપૂર્વ શીતળતા લાગે છે તો જે સર્વ વિભાવપરિણામથી સર્વથા નિવૃત્ત થાય છે એવા સિદ્ધભગવાનને પ્રગટેલી શાન્તિની તો શી વાત ! તેમને તો જાણે શાન્તિનો સાગર ઊછળી રહ્યો હોય એવી અમાપ શાન્તિ હોય છે; જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઈ રહ્યો હોય એવો અપાર આનંદ હોય છે. તારા આત્મામાં પણ એવું સુખ ભરેલું છે પણ વિભ્રમની આડી ચાદર આવી ગઈ છે તેથી તને દેખાતું નથી. ૪૦૮.

❁

પ્રશ્ન :– આત્માની વિભૂતિને ઉપમા આપી સમજાવો.

ઉત્તર :– ચૈતન્યતત્ત્વમાં વિભૂતિ ભરી છે. કોઈ ઉપમા તેને લાગુ પડતી નથી. ચૈતન્યમાં જે વિભૂતિ ભરી છે તે અનુભવમાં આવે છે; ઉપમા શી અપાય ? ૪૨૮.

❁



# [‘શ્રીમદ્ રાજચંદ્ર’ માંથી ચૂંટેલાં રત્નો ]

એક ( સમ્યગ્દૃષ્ટિ ) ભોગ ભોગવે છે છતાં કર્મની વૃદ્ધિ નથી કરતો, અને એક ( મિથ્યાદૃષ્ટિ ) ભોગ નથી ભોગવતો છતાં કર્મની વૃદ્ધિ કરે છે; એ આશ્ચર્યકારક પણ સમજવા યોગ્ય કથન છે.

– (પત્રાંક : ૨૧;પૃ. ૧૫૫, વર્ષ ૨૦ મું)

❁

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો.

– (પત્રાંક : ૨૧ પૃ. ૧૫૬, વર્ષ ૨૦ મું)

❁

અમે બહુ વિચાર કરીને આ મૂળતત્ત્વ શોધ્યું છે કે, – ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમાં નથી.

– (પત્રાંક : ૨૧. પૃ. ૧૫૬, વર્ષ ૨૦ મું)

❁

તે આત્મસ્વરૂપથી મહત્ એવું કંઈ નથી. એવો આ સૃષ્ટિને વિષે કોઈ પ્રભાવજોગ ઉત્પન્ન થયો નથી, છે નહીં, અને થવાનો નથી કે જે પ્રભાવજોગ પૂર્ણ આત્મસ્વરૂપને પણ પ્રાપ્ત ન હોય; તથાપિ તે પ્રભાવજોગને વિષે વર્તમાનમાં આત્મસ્વરૂપને કંઈ કર્ત્તવ્ય નથી, એમ તો છે; અને જો તેને તે પ્રભાવજોગને વિષે કંઈ કર્ત્તવ્ય ભાસે છે તો તે પુરુષ આત્મસ્વરૂપના અત્યંત અજ્ઞાનને વિષે વર્તે છે.

– (પત્રાંક : ૪૧૧, પૃ. ૩૫૪, વર્ષ ૨૫મું )

❁

'આત્મા' જે પદાર્થને તીર્થંકરે કહ્યો છે, તે જ પદાર્થની તે જ સ્વરૂપે પ્રતીતિ થાય, તે જ પરિણામ આત્મા સાક્ષાત્ ભાસે ત્યારે તેને પરમાર્થસમ્યક્ત્વ છે. – (પત્રાંક : ૪૩૧; પૃ. ૩૬૪, વર્ષ ૨૬મું)

❁

અષ્ટ મહાસિદ્ધિ આદિ જે જે સિદ્ધિઓ કહી છે, 'ૐ' આદિ મંત્રયોગ કહ્યાં છે, તે સર્વ સાચાં છે. આત્મૈશ્વર્ય પાસે એ સર્વ અલ્પ છે. જ્યાં આત્મસ્થિરતા છે, ત્યાં સર્વ પ્રકારના સિદ્ધિયોગ વસે છે.

આત્મામાં જે સમર્થપણું છે, તે સમર્થપણા પાસે એ સિદ્ધિલબ્ધિનું કાંઈ પણ વિશેષપણું નથી.

– (પત્રાંક : ૬૦૧; પૃ. ૪૬૭, વર્ષ ૨૮મું)

❁

હે મુમુક્ષુ ! એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોકને જાણીશ, અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે; માટે આત્માથી જુદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઈચ્છાથી તું નિવર્ત અને એક નિજસ્વરૂપને વિષે દૃષ્ટિ દે, કે જે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે. તત્ત્વસ્વરૂપ એવાં સત્શાસ્ત્રમાં કહેલા માર્ગનું પણ આ તત્ત્વ છે; એમ તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે.

– (પત્રાંક : ૬૩૧, પૃ. ૪૮૨, વર્ષ ૨૮ મું)

❁

હે કૃપાળુ ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે ત્યાં હવે તો લેવાદેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ અને એ જ અમારો પરમાનંદ છે.

આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રીરામ અથવા શ્રીમહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.

– (પત્રાંક : ૬૮૦; પૃ. ૪૯૯; વર્ષ ૨૯ મું)

❁



વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;<br>
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત.

– (આત્મ-સિદ્ધિ–૧૧૧)

❁

ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. ॥

– (અપૂર્વ અવસર-૧૦)

❁

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,<br>
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;<br>
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?<br>
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

– (અપૂર્વ અવસર-૨૦ )

❁

જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમકૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.

– (પત્રાંક : ૮૩૩; પૃ. ૬૨૦, વર્ષ ૩૧ મું)

❁

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;<br>
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.

– (પત્રાંક : ૯૫૪; પૃ. ૬૫૯, વર્ષ ૩૪ મું)

❁

દિગંબરના આચાર્યો એમ સ્વીકાર્યું છે કે :– "જીવનો મોક્ષ થતો નથી, પરંતુ મોક્ષ સમજાય છે; તે એવી રીતે કે જીવ શુદ્ધસ્વરૂપી છે; તેને બંધ થયો નથી તો પછી મોક્ષ થવાપણું ક્યાં રહે છે ? પરંતુ તેણે માનેલું છે કે 'હું બંધાણો છું' તે માનવાપણું વિચારવડીએ કરી સમજાય છે કે

મને બંધન નથી, માત્ર માન્યું હતું; તે માનવાપણું શુદ્ધ સ્વરૂપ સમજાયાથી રહેતું નથી; અર્થાત્ મોક્ષ સમજાય છે.'' આ વાત 'શુદ્ધનય' ની અથવા 'નિશ્ચયનયની' છે. પર્યાયાર્થી નયવાળાઓ એ નયને વળગી આચરણ કરે તો તેને રખડી મરવાનું છે. – (વ્યાખ્યાનસાર : પૃ. ૭૪૫(૮૦)

☸

દૃષ્ટિવિષ ગયા પછી ( દ્રવ્યદૃષ્ટિ થયા પછી ) ગમે તે શાસ્ત્ર, ગમે તે અક્ષર, ગમે તે કથન, ગમે તે વચન, ગમે તે સ્થળ પ્રાયે અહિતનું કારણ થતું નથી.

– (આભ્યંતર પરિણામ અવલોકન–હાથનોંધ ૧; પૃ. ૭૯૫)

☸

રાગ,દ્વેષ અને અજ્ઞાનનો આત્યંતિક અભાવ કરી જે સહજ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થતા તે સ્વરૂપ અમારું સ્મરણ, ધ્યાન અને પામવા યોગ્ય સ્થાન છે.

– (આભ્યંતર પરિણામ અવલોકન-હાથનોંધ ૨: પૃ. ૮૧૭)

☸



# [ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' માંથી ચૂંટેલાં રત્નો]

કીચડમાં ઘસતાં ભય વૃદ્ધિ પામતો જાય છે પણ ચૈતન્યમાં ઘસતાં નિર્ભયતા વૃદ્ધિ પામતી જાય છે. હું ચૈતન્ય ચૈતન્યમાં જ ચાલું છું, જડ જડમાં, વિભાવ વિભાવમાં. નિત્ય એવા મારામાં મારા પર્યાય (પરિણામ) નો પણ પ્રવેશ નથી, બીજાની તો વાત જ શી ? અરે ! પરિણામ પરિણમે છે અને એ જ સમયે હું અપરિણામી છું. અરે ભગવાન કારણપરમાત્મા ! તારું દર્શન થતાં જ વિભાવની પીઠ દેખાવા લાગે છે. તારું યથાર્થ ભાન થયા વિના પૂર્વમાં પરિણામ આશ્રિત પરિણામોનો એટલો તીવ્ર બંધ કરી ચૂક્યો હતો કે તેની અવધિ પૂરી થવા માટે તારાં દર્શન સ્વાભાવિક થવા યોગ્ય હતાં જ. અરે ચૈતન્ય ! તારી આટલી વિશાળતા આશ્ચર્યાન્વિત બનાવી દે છે. – (પત્રાંક : ૧૭)

☸

ધ્રુવ આત્મા તો પરિણામોમાં પણ કિંચિત્ ફેરફાર કરી શકતો નથી. ધ્રુવમાં શ્રદ્ધાની યથાર્થ વ્યાપકતાનો આ નિયમ શ્રી ગુરુદેવે બતાવ્યો છે તે સત્ય જ છે. – (પત્રાંક : ૨૮)

અપરિણામી, નિત્ય, ત્રિકાળી, ધ્રુવ બિંબ હું છું; ક્ષણિક પરિણામ નહિ – એ શ્રદ્ધાનો વિષય છે. શ્રદ્ધા એક જ સમયે પૂર્ણ ત્રિકાળીને પકડીને અભેદ થઈ જાય છે. અહીં (ત્રિકાળી દ્રવ્યમાં) અસ્તિત્વની સ્થાપના થતાં જ હું પરિણામની સાથે પરિણમતો નથી. પરિણામનો કર્તા પરિણામ જ છે, હું તો અપરિણામી વર્તમાનમાં જ પરિપૂર્ણ છું, વર્તમાનથી જ મારે કંઈ કરવું–કરાવવું નથી. રટણ, પુરુષાર્થ, જ્ઞાન આદિ બધાં પરિણામો છે. એનાથી મને લાભ–હાનિ નથી. મારી (ત્રિકાળીદ્રવ્યની) અપેક્ષાએ આ સ્વયં

થતાં રહે છે. હું અવિચલ છું, આ પરિણામોથી વિચલિત થતો નથી. આનાથી જુદો અને અધિક છું. તે (પર્યાય) અપેક્ષાએ મારી અંદર થાય છે, પરંતુ હું તેની સાથે એકમેક થતો નથી. દર્પણનું ત્રિકાળી દળ એક સમયના દર્પણાકાર પર્યાયથી ભિન્ન જ રહે છે. બન્ને કાર્યો એક સમયમાં છે. જો દળ એક સમયના આકાર-પર્યાયમાં આવી જાય તો ત્રિકાળીપણાનો નાશ થઈ જાય. આથી ત્રિકાળી ધ્રુવ નિત્ય વસ્તુમાં પોતાના અસ્તિત્વપણામાં શ્રદ્ધાની વ્યાપકતા કરતાં જ બધાં કાર્યો સહજ સ્વભાવરૂપ અનુભૂત થવા લાગે છે. વર્તમાનથી જ મારે કરવાનું નથી. એવી હુંપણાની યથાર્થ અભેદ પ્રતીતિ થતાં જ ચારિત્ર, પુરુષાર્થ આદિના બધાં પરિણામો સહજ જ 'હું ત્રિકાળી' નું અનુસરણ કરવા લાગે છે અને શુદ્ધ થવા લાગે છે. પરિણામોમાં ઊલટ-સુલટ કરવાની દૃષ્ટિ અસમ્યક્ (મિથ્યા) છે, આ ક્રિયાથી ત્યારે જ હઠી શકાય કે જ્યારે એનાથી ભિન્ન એવી અપરિણામી વસ્તુમાં નિશ્ચલરૂપ વસ્તુમાં નિશ્ચલ રહે. – (પત્રાંક : ૩૯)

❁

'સ્વભાવ અંશમાં જરાયે દોષ નથી.' નિત્ય સ્વભાવમાં દૃષ્ટિ થંભી જવાથી ઉત્પન્ન થયેલા સહજ સ્વભાવમાં ક્ષમા આદિના દૂષિત ભાવો પ્રત્યક્ષ પરાશ્રિતપરના (જડના) છે, તેથી સહજ ક્ષમાભાવ ત્રિકાલ જયવંત વર્તો. આપણે કદી દોષ કર્યો જ નથી એવો સ્વભાવ નિરંતર વૃદ્ધિ પામો. વિભાવના ગુંજારવામાં ગુંજતો રહેતો અજ્ઞાનભાવ સહજ નાશ પામો. વિભાવમાં બંધાઈ જશો નહીં. સ્વભાવની સીમામાં નિરંતર અડગ સ્થિર રહો. ક્ષણિક વિભાવ વેદાઈ જતાં તે અધિકની સીમાને પાર કરી શકતો નથી. (એક સમયમાં વેદાઈ જાય છે.) એથી તે ત્યાં જ લય પામી જાય છે.

– (પત્રાંક : ૪૪)

❁

પ્રશ્ન :– આપ શુદ્ધપર્યાયને દૃષ્ટિની અપેક્ષાએ ભિન્ન કહો છો કે જ્ઞાનની અપેક્ષાએ ?

ઉત્તર :– દૃષ્ટિની અપેક્ષાથી ભિન્ન કહીએ છીએ, જ્ઞાનની અપેક્ષાએ



તો નહીં. દૃષ્ટિ કરવાના પ્રયોજનમાં ભિન્નતાનું જોર દીધા વિના દૃષ્ટિ અભેદ નથી થતી; તેથી દૃષ્ટિની અપેક્ષાએ જ ભિન્ન કહીએ છીએ; અને મારી તો – આ દૃષ્ટિ પ્રધાન જ શૈલી છે, તેથી આમ જ કહીએ છીએ.

– (ચર્ચા–સમાધાન : ૨)

❁

સિદ્ધ (પર્યાય) થી પણ હું અધિક છું. કારણ કે સિદ્ધ (દશા) તો એક સમયની પર્યાય છે, અને હું તો એવી એવી અનંતપર્યાયોનો પિંડ છું. ૭.

❁

જેમ મેરું પર્વત અડગ છે, હું પણ (સ્વભાવથી) એવો જ અડગ છું. મેરુંમાં તો પરમાણુ આવે જાય છે, પરંતુ મારામાં તો કાંઈ આવતું જતું નથી; એવો હું અડગ છું. ૮.

❁

હું વર્તમાનમાં જ મુક્ત છું, આનંદની મૂર્તિ છું, આનંદથી ભરચક સમુદ્ર જ છું, એવી દૃષ્ટિ થાય, તો પછી મોક્ષથી પણ પ્રયોજન નથી, મોક્ષ થાઓ તો થાઓ ન થાઓ તોપણ શું ? (પર્યાયની આટલી ગૌણતા દ્રવ્યદૃષ્ટિમાં થઈ જાય છે.) મને તો વર્તમાનમાં પણ આનંદ આવી રહ્યો છે, પછી પરિણતિમાં તો મોક્ષ થશે જ (એવી પ્રતીતિ આવી જાય છે) પરંતુ મારે તો તેથી પણ પ્રયોજન (દૃષ્ટિ) નથી. ૯.

❁

દ્રવ્યદૃષ્ટિના હિસાબે તો શુદ્ધપર્યાય જ પરદ્રવ્ય છે, મારા અસ્તિત્વમાં તે નથી, રાગની તો વાત જ શું ? ૧૧.

❁

પર્યાયમાં તીવ્ર અશુભ પરિણામ હો, અથવા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુદ્ધ પર્યાય હો, મારામાં ( એકરૂપ દ્રવ્યસ્વભાવમાં ) કાંઈપણ બગાડ-સુધાર નથી થતો, હું તો જેવો ને તેવો જ છું. ૧૨.

❁

( દ્રવ્યદૃષ્ટિના જોરમાં ) કેવળજ્ઞાનથી પણ અમારે પ્રયોજન નથી–મોક્ષથી પણ પ્રયોજન નથી– તે તો થઈ જાય છે. ૧૩.

❁

પરિણામ પોતાનું હોવા છતાં પણ તેને પોતે ખુદ જ (કર્તા બુદ્ધિથી) પલટાવી શકતો નથી. અને પરિણામમાં કર્તા-કર્મપણાનો ધર્મ છે, તેથી તે તો પલટશે જ. (જ્યાં સુધી) દૃષ્ટિ બહાર ઝૂકી છે, દૃષ્ટિનો પ્રસાર પોતાને છોડીને બહારમાં છે; તો (ત્યાં સુધી) પરિણામ પણ બહાર ઝકશે. અને (જો) દૃષ્ટિ પોતાના સ્વભાવ તરફ છે, તો પરિણામ પણ પોતાની તરફ ઝૂકશે. મારે તો પરિણામ પણ પલટાવવું (ફેરફાર કરવો) નથી. હું તો અપરિણામી છું અને પલટવું મારો ધર્મ જ નથી; તે તો પરિણામનો ધર્મ છે. દૃષ્ટિના હિસાબથી તો શુદ્ધ પરિણામ પણ મારાથી જુદા જ છે. જ્ઞાન તેને પોતાનો અંશ જાણી લે છે. ૧૯.

❁

હું ખુદ જ વર્તમાનમાં ભગવાન છું. (તેમાં) ભગવાન થવું પણ ક્યાં છે ? પોતાના સ્વભાવમાં દૃષ્ટિનો પ્રસાર થતાં, પર્યાય પોતાની તરફ ઝકતાં ઝૂકતાં પર્યાયમાં કેવળજ્ઞાન-સિદ્ધદશા આદિ થશે જ. મારે તો તેનાથી પણ પ્રયોજન (દૃષ્ટિ) નથી. ૨૩.

❁

વિભાવ તો મારાથી બહુ જ દૂર છે. અહીં તો પરિણામ (શુદ્ધપર્યાય) પણ મારાથી ભિન્ન છે, હું તો અપરિણામી છું. એક સમયના પરિણામની સાથે વલહેતો નથી. ૨૬.

❁

હું (ત્રિકાળી) પરિણામમાં જતો નથી. (ત્રિકાળી સ્વભાવમાં અહંપણું થતાં) પરિણામ સહજ જ મારી તરફ આવે છે. ૨૯.

❁

હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું, કૃતકૃત્ય છું. મારે કાંઈ કરવું – ધરવું



છે જ નહિ, એવી દૃષ્ટિ થતાં, પરિણામમાં આનંદનો અંશ પ્રગટ થાય છે, અને વધતાં વધતાં પૂર્ણતા થઈ જાય છે. ૩૦.

❁

દૃષ્ટિનું વિષયભૂત દ્રવ્ય એકાંતે કૂટસ્થ જ છે. પર્યાય અપેક્ષાએ પર્યાય એકાંત અનિત્ય જ છે. ૩૨.

❁

હું તો ક્યારેય પણ ખસું નહીં, એવો ખૂંટો છું. પરિણામ આવે છે અને જાય છે પરંતુ હું તો ખૂટાની જેમ અચલિત જ રહું છે. ૪૦.

❁

હું તો અડગ છું, કોઈથી ડગવાવાળો નથી. જેમ આ દેહાકારમાં સ્થિત આકાશ અડગ છે, હાલતું-ચાલતું નથી, તેમ હું પણ અડગ છું. ૫૦.

❁

ચૈતન્ય ગાંસડી હું જ છું, એવી પક્કડ થઈ જવાથી મતિ-શ્રુતજ્ઞાન અંદરમાં ઢળી જાય છે. તેથી અંતરમાં ઢળવાનું (ઉપદેશમાં) કહેવામાં આવે છે. ૫૩.

❁

હું વર્તમાનમાં જ સમજણનો પિંડ છું. ૫૪.

❁

પ્રશ્ન :– શાસ્ત્રમાં તો પ્રયત્ન કરવો, પ્રયત્ન કરવો તે વાત આવે છે ?

ઉત્તર :– પ્રયત્ન કરવાનું કહેવામાં આવે છે, પ્રયત્ન થાય પણ છે, પરંતુ પ્રયત્ન પણ છે તો પર્યાય ! 'હું તો પર્યાયમાત્રથી ભિન્ન છું,' પ્રયત્ન શું કરું ! સહજરૂપ થાય છે. પ્રયત્ન વગેરેનું 'થવું' પર્યાયનો સ્વભાવ છે. હું તેમાં ન આવું છું, ન જાઉં છું, હું ત્રિકાળી છું, એવી દૃષ્ટિમાં પ્રયત્ન સહજ થાય છે. ૭૧.

❁

આખી વસ્તુ (પ્રમાણનો વિષય) દેખાડવામાં, નિત્ય અને અનિત્ય

દેખવામાં આવે છે. તેમાં અનિત્ય બીજાનું નથી એવું દેખાડવા માટે છે; પરંતુ દૃષ્ટિનાં વિષયમાં તો નિત્ય જ છું અને અનિત્ય મારાથી ભિન્ન જ છે. તેનો (ઉત્પાદ-વ્યયનો) ભાવ અને મારો (ધ્રુવનો) ભાવ વિરુદ્ધ છે. ૭૫.

❁

શક્તિની તરફ જુઓ તો એટલું તો ભારે ભારે લાગે છે કે આખું જગત ફરી જાય તોપણ તે (અનંત શક્તિઓનો પિંડ) ફરી શકતો નથી, એવું ઘન સ્વરૂપ છે. તેમાં કંઈ વિચલિતતા જ થતી નથી. ૭૬.

❁

દર્પણમાં જે પર્યાય દેખાય છે, તે તો ઉપર ઉપર છે; અંદરમાં જ દળ પડ્યું છે તે તો જેવું ને તેવું છે, તે પર્યાયરૂપ થતું જ નથી. એ રીતે ત્રિકાળી સ્વભાવનું દળ તો જેવું ને તેવું જ છે, પર્યાયમાં આવતું નથી. ૭૮.

❁

પ્રશ્ન :– ચોથા ગુણસ્થાનવાળાને વસ્તુનો અનુભવ છે અને સ્થિરતાનો પ્રયત્ન પણ છે, તો પછી અનુભવમાં કાળ કેમ લાગે છે ?

ઉત્તર :– ચારિત્રની પર્યાયમાં તેટલી અસ્થિરતા છે, પુરુષાર્થની ઓછપ છે. પર્યાયની એવી યોગ્યતા છે. પરંતુ દૃષ્ટિમાં તેની ગૌણતા છે. વર્તમાનમાં જ પૂર્ણ છું–તેમાં પર્યાયની વૃદ્ધિ-હાનિ ગૌણ છે. ૯૫.

❁

અરે ભાઈ ! તું તારા અસંખ્ય પ્રદેશમાં આખે આખો ચૈતન્યમૂર્તિ છો, તેમાં બેસી રહે ને ! ઉઠીને ક્યાં જાય છે ! ૧૧૫.

❁

શુભરાગને કર્તવ્ય માનવાની તો વાત જ શું ? મારું તો કર્તવ્ય જ નથી, એમ પહેલાં પાકું થવું જોઈએ. (ધ્રુવમાં કર્તવ્ય કેમ હોઈ શકે ? હું તો ધ્રુવતત્ત્વ છું.) ૧૫૯.

❁



અહીં (સ્વદ્રવ્યમાં) દૃષ્ટિ જામી ગઈ, બસ તે જ મુક્તિ છે; મુક્તિ કરવી નથી. ૧૬૧.

❁

વસ્તુ વર્તમાનમાં પ્રત્યક્ષ પડી છે. વર્તમાનમાં જ મોજૂદ છે. એક સમયની પર્યાયની પાછળ આખેઆખી વસ્તુ પડી છે. લક્ષ કરે તે જ ક્ષણે દેખવામાં આવે છે. ૧૮૦.

❁

હું એવી ભૂમિ છું જ્યાંથી ક્ષણે ક્ષણે નવાં નવાં ફળ ઉત્પન્ન થતાં જ રહે છે. જેમ ભૂમિમાં ઋતુ-ઋતુ અનુસાર અનેક ફળ થતાં રહે છે તેમ, હું એવી ભૂમિ છું જ્યાંથી સુખનું ફળ ઉત્પન્ન થતું જ રહે છે. હું અમૃતરસથી જ ભરેલો છું. વળી હું એવી ભૂમિ છું જ્યાં ફળ માટે જળની પણ જરૂર નથી, કારણ કે હું સ્વયં જ સુખરૂપ છું. બીજા પદાર્થોની અપેક્ષા જ નથી. ૧૮૬.

❁

"વર્તમાનમાં જ હું કૃતકૃત્ય છું" એવી પોતાની વસ્તુમાં દૃષ્ટિ થઈ ત્યાં 'કરું કરું' એવી કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ. બસ તે જ મુક્તિ છે. ૧૯૧.

❁

"શુદ્ધ શુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ" કેવી સુંદર વાત શ્રીમદ્જીએ કરી છે ! એક લીટીમાં બધી વાત આવી ગઈ. બસ ભાઈ, તું આટલો જ વિચાર કર. ૧૯૭.

"હું અધિક છું" તે જ સ્વયંનો માહાત્મ્યભાવ છે. હું કોઈપણ ભાવમાં–વિકલ્પમાં ખસતો જ નથી–તણાતો જ નથી. એવો ને એવો અને જ્યાંનો ત્યાં હર સમય રહું છું. વિકલ્પની સાથે-પરિણામની સાથે ખસતો જ નથી. શું દર્પણનું દળ ક્ષણિક આકારથી ખસી જાય છે ? તેવું ને તેવું જ રહે છે. તેમ હું પણ તેવો ને તેવો જ સદા રહું છું. ૧૯૯.

❁

ક્યાં એક સમયનો ભાવ અને ક્યાં ત્રિકાળી સામર્થ્ય !!! ત્રિકાળી સામર્થ્યની પાસે એક સમયના ભાવની શું શક્તિ ? ૨૦૦.

❁

અરે ભાઈ ! તું એક સમયની પર્યાયમાં આવી જતો નથી. તું તો અનંતી પર્યાયોનો પિંડ છો. જો તું એક પર્યાયમાં આવી જાય તો બીજી બધી પર્યાયો વિધવા થઈ જશે. ૨૦૩.

❁

હું એવો અપરિણામી (ધ્રુવ) પદાર્થ છું કે મને આખા ત્રણ લોકના પદાર્થો ભેગા થઈને હલાવી શકતા નથી. ૨૦૬.

❁

સાધક-બાધક તો બધું પર્યાયનું જ્ઞાન કરવા માટે છે. વળી સબળાઈ (અનંતવીર્યના પિંડરૂપ) નાં ચશ્માં લગાવ્યા વિના નબળાઈનું પણ (યથાર્થ) જ્ઞાન થતું નથી. સાધકપણું–બાધકપણું પર્યાયની વાત છે. અમને તો સાધકપણા–બાધકપણાની પણ દરકાર નથી, કેમ કે બાધકપણું ત્રિકાળીને નુકશાન કરી શકતું નથી અને સાધકપણું ત્રિકાળીને લાભ કરી શકતું નથી. પછી તેની દરકાર શા માટે ? ૨૦૭.

❁

''હું નિરાલંબી પદાર્થ છું'' એવો (નિર્ણય) આવ્યા વિના, અભિપ્રાયમાં (પરનું) અવલંબન છૂટે જ નહિ. ૨૧૬.

❁

પરિણામમાં ફેરફાર કરવો (તે) મારો – (ચૈતન્ય) ખાણનો સ્વભાવ નથી. પુરુષાર્થની ખાણ જ હું છું પછી એક સમયના પુરુષાર્થમાં 'કરાવની' આકુળતા શું ? ૨૩૪.

❁

અહીં (ત્રિકાળીમાં) અહંપણું થતાં મોક્ષ આપોઆપ થઈ જાય છે. દૃષ્ટિ અહીં અભેદ થઈ તો તે જ મુક્તિ સમજી લ્યો. ૨૩૭.

❁



(વિકલ્પાત્મક) કૃત્રિમ પુરુષાર્થની તો વાત જ શું ? પરંતુ અક્રિય (ચિદ્‌બિંબની) દૃષ્ટિમાં તો સહજ પુરુષાર્થની પણ ગૌણતા છે. કારણ કે તે પણ ક્રિયા (એક સમયની પર્યાય) છે. અને અક્રિય (સ્વરૂપ) દૃષ્ટિમાં ક્રિયામાત્રની ગૌણતા છે. ૨૪૦.

❁

વસ્તુ અને વસ્તુમાં એકાગ્રતા-પ્રસરણ...બસ, તે જ બે વાત છે. એકાગ્રતા થતાં થતાં મુક્તિ થઈ જાય છે. (તેના સિવાય) સાંભળવું, તત્ત્વચર્ચા કરવી તે બધુંય વિષયસેવન છે. (કારણ કે બહિર્મુખ ભાવ છે) પોતાના વિષયને છોડીને તેને વિષય બનાવે છે તો પોતાનો વિષય પડ્યો રહે છે. ૨૪૭.

❁

આત્મા જ્ઞાન અને સુખથી ભરેલો છે. પછી આપણે જોઈએ પણ શું ? ( લોકો ) જન્મ-મરણથી છૂટવા ચાહે છે, પરંતુ હું તો જન્મ–મરણથી રહિત ધ્રુવ છું. ઉત્પાદ–વ્યયની સાથ પણ હું ખસતો નથી. ૨૫૧.

❁

હું જ પુરુર્ષાથની ખાણ છું ને ! દૃષ્ટિએ પુરુષાર્થની ખાણનો કબજો લઈ લીધો પછી પર્યાયમાં પુરુષાર્થ, સુખ વગેરે સહજ થાય જ છે. ૨૫૫.

❁

હું એટલો મજબૂત સ્થાન છું કે એક સમયની પર્યાયમાં અનંત સુખ હો, જ્ઞાન હો, અથવા અનંતી ઉલ્ટી પર્યાયો હો, મારામાં તે પર્યાયોથી કાંઈ પણ હલચલ નથી થતી, અથવા સુધાર-બગાડ નથી થતો, એવી દૃઢ મજબૂત ચીજ હું છું. ૨૬૬.

❁

''મોતને બાઝે તો તાવથી છૂટે છે'' એમ પરિણામ મારાથી સર્વથા ભિન્ન છે. – (એવું જોર દેવાથી) દૃષ્ટિ ત્યારે જ પરિણામથી છૂટે છે. ૨૬૯.

❁

હું એવો પદાર્થ છું કે મારામાં ભયનો પ્રવેશ જ થઈ શકતો નથી પછી ભય કઈ બાબતનો ? ૨૭૭.

❁

"શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ" તેમાં પર્યાપ્ત વાત બતાવી દીધી છે, પછી જે બધી વાત આવે છે તે તો પરલક્ષીજ્ઞાનની નિર્મળતા માટે સહજ હો તો હો. ૨૮૧.

❁

દૃષ્ટિની અપેક્ષાએ ચારિત્રનો પુરુષાર્થ અનંતગુણો છે, પરંતુ તેની પણ મુખ્યતા નથી. (કારણ કે તે પણ પર્યાય છે.) દૃષ્ટિના વિષયની મુખ્યતામાં તેની પણ ગૌણતા જ રહે છે. ૨૮૨.

❁

પ્રશ્ન :– સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા કેવો છે ?

ઉત્તર :– સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા ધ્રુવ, અભેદ, એકરૂપ, શુદ્ધ, અખંડ, કૂટસ્થ, અપરિણામી છે. ૨૮૬.

❁

એક સમયની પર્યાયને છોડીને જે સામાન્ય વસ્તુ રહી જાય છે તે દૃષ્ટિનો વિષય છે. ૨૮૯.

❁

જે પર્યાય જે કાળમાં થવાવાળી છે, તે કાળમાં જ થાય છે. મુનિદશા પણ સહજ થાય છે. પહેલાં ભાવના થાય છે, પરંતુ અભિપ્રાયની પ્રધાનતા પહેલાં કરો– પછી યોગ્યતાપ્રધાની થઈ જશો. જે પર્યાય જ્યારે થવાવાળી છે ત્યારે જ થશે. આપણે તો જ્યાં બેઠા છીએ ત્યાં કાંઈ કરવું, ફરવું નથી. અમે તો બંધ અને મુક્તિ બન્નેથી રહિત છીએ. ૨૯૪.

❁

દૃષ્ટિના વિષયની હર સમય મુખ્યતા રહેવી જોઈએ. (બીજી) ગમે તેટલી વાત આવે, પરંતુ તેની (દૃષ્ટિના વિષયની) ગૌણતા નહીં થવી



જોઈએ. ૨૯૫.

❁

આખા સમયસારમાં છઠ્ઠી ગાથામાં સમ્યગ્દર્શનનો ખાસ વિષય આવી ગયો છે. છઠ્ઠી ગાથામાં બધાથી ઉત્કૃષ્ટ વાત આવી ગઈ છે. હું પ્રમત્ત પણ નથી, અપ્રમત્ત પણ નથી. કઈ પર્યાય બાકી રહી ? ૨૯૬.

❁

આત્મા તો ગંભીર છે. સમુદ્રની જેમ અનંત શક્તિઓ પોતામાં સંગ્રહ કરીને બેઠો છે. તેની દૃષ્ટિ થતાં જ્ઞાનમાં પણ ગંભીરતા અને વિવેક આવી જ જાય છે. ૩૦૬.

❁

હું તો વિકલ્પથી શૂન્ય છું અને મારા ભાવોથી ભરપૂર છું. ૩૧૩.

❁

હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું, તો (સ્વરૂપમાં તો) મુક્તિનો પ્રયોસ પણ કરવાનો સવાલ નથી. કરવાનું શું છે ? પરિપૂર્ણમાં મુક્તિ કરવી પણ શું ? ૩૨૫.

❁

દૃષ્ટિ તો અસ્થિરતા અને સ્થિરતા બન્નેને કબૂલતી નથી. ૩૬૦.

❁

દૃષ્ટિ એવી પ્રધાન ચીજ છે કે સ્વભાવમાં દૃષ્ટિ જામતાં જ (બધા) પરિણામ ખીલતા જાય છે. ૩૬૮.

પરિણામથી પણ ઊંડું સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વ જે છે તે હું છું. ૩૭૦.

❁

સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાને સદાય ત્રિકાળી આત્મા છું એમ જ માને છે. હું ધ્રુવ સિદ્ધ છું – જેમાં સિદ્ધદશાની પણ ગૌણતા રહે છે. સિદ્ધદશાનો પણ સમયે સમયે ઉત્પાદ-વ્યય થાય છે, હું તો સદા ધ્રુવ છું. ૩૭૩.

હું ત્રિકાળસ્વભાવ ક્યારે પણ બંધાણો જ નથી. તોપણ મને મુક્ત કહેવો તે તો ગાળ છે. પર્યાયને મુક્ત કહે તે તો ઠીક છે કારણ કે તે બંધાયેલી હતી, તેથી મુક્ત કહેવું ઠીક છે. પરંતુ મને તો મુક્ત કહેવું પણ ઠીક નથી. ૩૭૫.

❁

ધ્રુવ ગુફાની અંદર ચાલ્યા જાઓ. ત્યાં આનંદ અને સુખનાં નિધાન ભર્યાં છે. તેને નિત્ય ભોગવો. ૩૭૯.

❁

દૃષ્ટનો નશો ચડી જાય તો અંતરમાં જ વારંવાર વલણ થાય. બહારમાં ગમે નહિ. ૪૦૬.

❁

પ્રશ્ન :– તો શું નશાના જેવું દૃષ્ટિનું સ્વરૂપ છે ? કાંઈ દેખતી નથી ?

ઉત્તર :– હા, દૃષ્ટિનો નશો એવો જ છે, કાંઈ દેખતી નથી. પોતાની (સ્વરૂપની) તરફ જ દોડે છે. તેથી તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિની બહારમાં ચર્ચા આદિમાં પણ રોકાવું ગમે નહિ. અંદર જ અંદર જવા ચાહે છે. ૪૦૭.

❁

કેવળજ્ઞાનથી મને લાભ થવાનો નથી, અને શુભાશુભ ભાવોથી મને નુકશાન થવાનું નથી–એવું હું તત્ત્વ છું. (ધ્રુવતત્ત્વ ઉત્પાદ-વ્યયથી નિરપેક્ષ છે–એવી દૃષ્ટિની વાત છે). જેમ મેરુથી માથું ફોડે, પણ મેરુ હલતો નથી– તેમ પરિણામ મારાથી ટકરાય છે, તોપણ પરિણામથી હું હલવાવાળો નથી. ૪૨૯.

❁

અહીંની ( ત્રિકાળીની ) દૃષ્ટિ થતાં જ, મુક્તિ ચાલુ થઈ જાય છે. ચાલ થઈ જાય છે શું ? મુક્તિ થઈ જ ગઈ ! ૪૩૭.

❁



શું દૃષ્ટિ વસ્તુનું અવલંબન લે છે ? તે તો આખી ચીજને કોળિયો કરી જાય છે. આખેઆખી ચીજમાં વ્યાપ્ત થઈ જાય છે. માલિક બની જાય છે. માલિક કહેવામાં પણ ભેદ આવી જાય છે, તે ચીજરૂપ જ સ્વયં છે. ૪૪૨.

આત્માનાં એક એક પ્રદેશમાં અનંત અનંત સુખ ભર્યું છે. એ રીતે અસંખ્ય પ્રદેશો સુખથી જ ભરપૂર છે. ગમે તેટલું સુખ પીલો, ક્યારે પણ ખૂટશે જ નહિ. સદાય સુખ પીતા જ રહો, તોપણ ઓછું નહિ થાય. ૪૫૩.

❁

(એક સમયનું) અનંત આનંદનું વેદન આવે તે પણ હું (ત્રિકાળી તત્ત્વ) નથી. કેમ કે વેદનનો મારામાં (ત્રિકાળીમાં) અભાવ છે. એકલા વેદનમાં હું આવી જાઉં તો મારો નાશ થઈ જાય. (એક સમયની પૂર્ણ પર્યાયથી પણ હું અધિક છું – એવો ભાવ છે). ૪૬૭.

❁

દૃષ્ટિ તો હરેક સમયે પોતાને પૂર્ણ જ દેખે છે. મુનિ એમ પણ કહે કે અમે પામર છીએ, તે તો પોતાની ખીલેલી પરિણતિની પૂર્ણ (સ્વરૂપ) ની સાથે સરખામણી કરતાં પોતાની પારમતા અનુભવે છે, તે અપેક્ષાએ કહે છે. દૃષ્ટિ તો સાધક-બાધકપણું જ સ્વીકારતી નથી. ૪૭૦.

❁

મિથ્યાત્વ હો અથવા સમ્યક્ત્વ હો, તે જુઓ જ નહિ. ‘‘હું તો ધ્રુવતત્ત્વ છું’’ અહીં આવતાં જ મિથ્યાત્વ પર્યાય પણ નિશ્ચય–નિયમથી ચાલી જ જશે. દૃષ્ટિના નિર્ણયમાં પૂર્ણ શુદ્ધિ ભરેલી છે. ૪૮૦.

❁

આ ધ્રુવતત્ત્વ કોઈને નમતું જ નથી. પોતાની સિદ્ધપર્યાયને પણ નમતું નથી. ૪૮૧.

❁

હું કૃતકૃત્ય ચૈતન્યધામ છું, વિકાર મને સ્પર્શ્યો જ નથી. ‘હું ધ્રુવધામ

છું' એવું પોતાનું અહંપણું આવવું જોઈએ. ૫૧૧.

❁

મારો સ્વભાવ જ્ઞાન-દર્શન આદિથી ઠસોઠસ ભરેલો છે. તેમાં નવું કાંઈ કરવાનું નથી, – કાંઈ વધારવાનું પણ નથી. ૫૧૨.

❁

પર્યાયમાં તીવ્રથી તીવ્ર અશુભપરિણામ હોય અથવા ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ શુદ્ધ પર્યાય હોય, મારો કાંઈ પણ બગાડ-સુધાર નથી. હું તો તેવો ને તેવો જ છું. ( પર્યાયમાં ગમે એટલો ફેરફાર હોય, દ્રવ્ય એકરૂપ રહે છે, તેથી કોઈપણ પ્રકારની ક્ષણિક–અનિત્ય પર્યાયનું મૂલ્ય, ધ્રુવ–નિત્યસ્વરૂપની આગળ નથી. ) ૫૨૨.

❁

પ્રૌઢ વિવેક :– નિષ્ક્રિય ચિન્માત્ર હું વસ્તુ છું. ૫૪૧.

❁

દૃષ્ટિ પરિણામ ઉપર રાખી છે, પણ દ્રવ્ય તરફ મુખ બદલવાનું છે. તે મુખ પણ પરિણામ બદલે છે. મારામાં (ધ્રુવ સામાન્યમાં) તો મુખ પણ ક્યાં બદલવાનું છે ? હું તો જ્યાં છું ત્યાં જ છું. બદલવું-ફદલવું કાંઈ મારામાં નથી. ૫૫૨.

❁

નિષ્ક્રિયભાવ કહેવાથી, જીવને પુરુષાર્થહીનતા લાગે છે. અરે ભાઈ ! તે તો પુરુષાર્થની ખાણ છે. અને જે મુક્તિ થાય છે, તેની પણ તેને દરકાર (અપેક્ષા) નથી. ૫૬૦.

❁

આત્મા તો સમુદ્ર છે. સમુદ્રમાં જેમ મોજાં ઉઠે છે અને પોતામાં જ વિલીન થઈ જાય છે. સમુદ્રને મોજાંની શું દરકાર ? તેમ અહીં પરિણામ ઉઠે છે અને સમાઈ જાય છે. અમને–સમુદ્રને તેની શું દરકાર ? ૫૬૨.

❁



(કેટલાક લોકો) સમજ્યા વિના દ્રવ્યમાં પર્યાય નથી–નથી, તેમ લઈ લે છે; પરંતુ પર્યાય નથી એમ કોણ કહે છે ? દૃષ્ટિનો વિષયભૂત અપરિણામી, પર્યાયથી ભિન્ન છે, તેમાં પર્યાયનો અભાવ છે, તેમાં પર્યાય નથી, એમ કહીએ છીએ. ૫૬૬.

❁

પરિણામમાંથી અહંપણું ખસવું અને ત્રિકાળ સ્વભાવમાં અહંપણું થવું તે શુદ્ધ જીવનું સ્વરૂપ છે. ૫૬૯.

❁

(પોતાના સુખ માટે) આખા જગતમાં બસ, હું જ એક વસ્તુ છું અને કોઈ બીજી વસ્તુ છે જ નહિ. અરે ! બીજી કોઈ વસ્તુ છે કે નથી, એવો વિકલ્પ પણ શા માટે ? ૫૭૮.

❁

પરિણામમાત્ર વ્યવહાર છે. પરિણામની દૃષ્ટિથી દીનતા આવે છે. પર્યાયમાં રોકાવાથી એકાંત દુઃખ થાય છે. પરિણામ ઉત્પાદ-વ્યય સ્વરૂપ છે, હું તો અપરિણામી છું–જેમાં ઉત્પાદ-વ્યય નથી. નિગોદથી લઈને સિદ્ધ સુધી એવો ને એવો જ છું. પરિણામમાં પ્રસરવાથી પરિણામ જેટલો થઈ જાય !! ૫૮૩.

❁

હું તો વિકલ્પમાત્ર અને પરિણામમાત્રથી રહિત છું. ૫૮૫.

❁

અરીસામાં સમય સમયના (પ્રતિબિંબ જેવા) આકાર થાય છે, તોપણ અરીસાનું દળ જેમનું તેમ રહે છે. તેવી રીતે સ્વભાવ, અરીસાના દળ જેવો છે. સ્વભાવની સાથે તાદાત્મ્ય છે, આકારની સાથે નહિ. ત્રિકાળીમાં વર્તમાન પરિણામનો અભાવ છે. ૫૮૯.

❁

સ્વભાવ સાવધાન સ્વરૂપ છે. પર્યાયમાં સાવધાની થવાથી સ્વભાવ

પકડવામાં આવતો નથી. ૫૯૧.

❁

હું ત્રિકાળી અપરિણામી છું, પરિણામમાત્ર ગૌણ છે–એમ વર્તમાનમાં નિશ્ચય હોવો જોઈએ. ધ્રુવસ્વભાવ સદા પ્રસિદ્ધ છે. ઉત્પાદ-વ્યયના કાળમાં જુદો, પ્રગટ છે. દૃષ્ટિ પ્રતિસમય પર્યાયને ગૌણ કરે છે. ૫૯૪.

❁

હું તો પ્રતિમા સમાન અપરિણામી છું. મારામાં પલાંઠી વાળીને બેસી જાઉં છું. અરિસાના દળની જેમ નિષ્ક્રિય છું. પરિણામ જે થવા લાયક–થાય છે. હું તો પર્યાયનિરપેક્ષ દ્રવ્ય છું–તે જ નિષ્ક્રિયયતા છે. ૫૯૬.

❁

ત્રિકાળીમાં વિકાર, અવિકાર કાંઈ નથી. ૬૦૬.

❁

વર્તમાનમાં જ અક્રિય, અપરિણામી છું; અર્થાત્ કોઈ ક્રિયા કરવાનો અભિપ્રાય નથી. કાંઈ કરું–કરુંમાં સ્વયં પરિણમતા પરિણામને કરવાનો અભિપ્રાય રહે છે. ૬૦૮.

❁

એક બાજુ ત્રિકાળીનું છાબડું (પલ્લું), બીજી બાજુ ક્ષણિકનું છાબડું (પલ્લું). જેમ એક બાજુ માલ અને બીજી બાજુ બારદાન. મહત્તા માલની છે, બારદાનની નહિ. ૬૧૭.

❁

હું પરિણામથી શૂન્ય છું એવું જોર આવવું જોઈએ. ૬૨૫.

❁

મારી ભૂમિ વર્તમાનમાં જેટલી નિષ્કંપ અને નક્કર છે કે હું વર્તમાનમાં જ નિર્ભય છું, નિરાલંબી છું, પરિપૂર્ણ છું, નિષ્ક્રિય છું, સુખરૂપ છું, કૃતકૃત્ય છું, ત્રિકાળી એકરૂપ છું, અચળ છું. ૬૨૭.

❁



એક પલ્લામાં (છાબડામાં) આત્મા અને એક પલ્લામાં (છાબડામાં) ત્રણકાળ, ત્રણલોક. આત્માનું પલ્લું બેસી જાય છે. બીજું પલ્લું ઉલળી જાય છે. ૬૨૯.

❁

નિશ્ચયગ્રંથ આત્મા છે, નિશ્ચયગુરુ આત્મા છે, અને નિશ્ચયદેવ પણ આત્મા છે. મૂળ વાત અહીંથી છે. પછી બહારના નિમિત્તો ઉપર ઉપચાર કરવામાં આવે છે. ૬૩૬.

❁

હું તો અત્યારે સિદ્ધ છું. ચૌદમું ગુણસ્થાન થશે અને પછી સિદ્ધાલયમાં જવાનું થશે. ક્ષેત્રાંતર વગેરે થશે પરંતુ તે બધાં કાર્યો પર્યાયમાં થશે. પર્યાયનાં કાર્યો પર્યાયમાં થાય છે, મારામાં નહિ. હું તો અત્યારે પણ સિદ્ધાલયમાં જ બેઠો છું. ક્યારેય ક્યાંય આવ્યો પણ નથી, ગયો પણ નથી. ૬૩૭.

❁